પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ • અંક : ૬૯ • કુલ પાના : ૪ • તારીખ : ૧૨-૧૧-૨૦૨૨ શનિવાર • કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### હિમાચલમાં આજે મતદાન

# ૪૧૨ ઉમેદવારોનું ભાવી મતદારો નક્કી કરશે, ચુંટણી પંચ દ્વારા તૈયારીઓ પુરી

શિમલા,

હિમાચલ પ્રદેશમાં વિધાનસભાની ચૂંટણી માટે આવતીકાલે મતદાન થવાનું છે અને તે પહેલાં આક્રમક પ્રચાર યુદ્ધનો અંત આવી ગયો છે અને આવતીકાલે મતદાન માટે લોખંડી સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. આ વખતે હિમાચલ પ્રદેશના ચૂંટણી મેદાનમાં કુલ ૪૧૨ જેટલા ઉમેદવારો છે અને મહત્વની વાત એ છે કે દર ચોથા ઉમેદવાર સામે ક્રિમિનલ કેસ ચાલી રહ્યો છે અને ભાજપ કોંગ્રેસ તથા આમ આદમી પાર્ટી ત્રણેયમાં કલંકિત ઉમેદવારો મેદાનમાં છે અને પોતાનુ નસીબ અજમાવી રહ્યા છે. ઉમેદવારો અંગેના અહેવાલમાં એવી માહિતી પણ આપવામાં આવી છે કે ૫૦ ઉમેદવારો તો એવા છે જેમની સામે હત્યા જેવા ગંભીર ક્રિમિનલ કેસ પણ નોંધવામાં આવ્યા છે અને આવા લોકો ચૂંટણીના મેદાનમાં ઊભા છે અને તેમના વિશે જનતા કેવો ચુકાદો આપે છે તે જોવું રસપ્રદ બનશે. હિમાચલ પ્રદેશમાં




આવતીકાલે મતદાન સાથે જ તમામ રાજકીય પક્ષોનું ભાવી કેદ થઈ જશે અને ભાજપ ફરીવાર સત્તામાં આવવામાં સફળ રહે છે કે નહીં અને કોંગ્રેસ તેને ઉખાડવામાં ફાવે છે કે નહીં તે જોવું રસપ્રદ બનશે

## દર ચોથા ઉમેદવાર સામે ક્રિમિનલ કેસ, ૫૦ ઉમેદવારો સામે હત્યાના કેસ

જો કે અહીં પણ ગુજરાતની જેમ જ આમ આદમી પાર્ટી કોંગ્રેસના મત માં વિભાજન કરાવશે માટે ભાજપને સીધો ફાયદો થશે તેમ નિષ્ણાંતો માની રહ્યા છે.

ચૂંટણી પંચના જણાવ્યા અનુસાર, હિમાચલ પ્રદેશમાં ૫૫ લાખથી થોડા વધુ મતદારો નોંધાયેલા છે, જેમાંથી ૨૭ લાખ ૮૦ હજાર પુરૂષ અને ૨૭ લાખ ૨૭ હજાર મહિલાઓ છે. રાજ્યમાં સરકારી નોકર મતદારોની સંખ્યા ૬૭ હજાર ૫૩૨ છે, જ્યારે ૮૦ વર્ષથી વધુ ઉંમરના ૧.૨૨ લાખ મતદારો છે. આ પહાડી રાજ્યમાં ૧૧૮૪ મતદારો છે, જેમની ઉંમર ૧૦૦ વર્ષથી વધુ છે.

હિમાચલ પ્રદેશમાં રિપબ્લિક પી-માર્ક સર્વે અનુસાર ભાજપની સરકાર બની રહી છે. આ સર્વેમાં ભાજપને ૩૭થી ૪૫ બેઠકો મળવાનું અનુમાન વ્યક્ત કરાયુ છે. આ સિવાય કોંગ્રેસને ૨૨થી ૨૮ બેઠકો અને આપને માત્ર એક સીટ મળવાનો અંદાજ છે. એબીસી સી-વોટરના સર્વે અનુસાર, હિમાચલમાં બીજેપી અને કોંગ્રેસ વચ્ચે મામલો ૫૦-૫૦ જોવા મળી રહ્યો છે. આંકડાઓ અનુસાર, રાજ્યમાં બીજેપીને ૩૧ થી ૩૯, કોંગ્રેસને ૨૯ થી ૩૭ અને આમ આદમી પાર્ટીનું ખાતુ પણ ખોલાતું જોવા નથી મળી રહ્યું. ઈન્ડિયા ટીવી-મેટરાઈઝ પોલ અનુસાર, દિલ્હીમાં બીજેપીને ૩૮થી ૪૩ બેઠકો મળા શકે છે. આ સિવાય કોંગ્રેસને ૨થી ૨૯ અને આમ આદમી પાર્ટીને ૧થી ૩ બેઠકો મળવાનું અનુમાન છે. ટુંકમાં આ પોલમાં પણ આમ આદમી પાર્ટી માટે સારા સમાચાર નથી.

# ચૂંટણીના માહોલ વચ્ચે આવકવેરા વિભાગનું મેગા ઓપરેશન, કચ્છમાં ૩૦થી વધુ સ્થળે દરોડા

ભુજ,

ગુજરાત વિધાનસભાની ચૂંટણીની તારીખ જાહેર થઈ ગઈ છે. રાજકીય પક્ષો દ્વારા ઉમેદવારોના નામો પણ જાહેર કરી દેવામાં આવ્યા છે. આ દરમિયાન આવકવેરા વિભાગે તવાઈ બોલાવવાનું શરુ કર્યુ છે. આવકવેરા વિભાગે કચ્છમાં ૩૦થી વધુ સ્થળોએ દરોડા પડીને તપાસ શરુ કરી છે. ફાઈનાન્સ, પ્રોપર્ટી, સહિતના વ્યવસાય સાથે સંકળાયેલા ખાવડ ગ્રુપ પર તવાઈ બોલાવવામાં આવી છે. ગાંધીધામ અંજાર અને ભુજમાં ભાગીદારોના રહેઠાણ અને ઓફિસ ઉપર તપાસ હાથ ધરવામાં આવી છે. દરોડાની તપાસની કાર્યવાહીના અંતે મોટા પાયે બેનામી વ્યવહારો મળે તેવી શક્યતા છે.

મળતી માહિતી પ્રમાણે બ્લેકને વ્હાઈટ કરવાના ગોરખ ધંધાનો પર્દાફાશ કરનારાઓ પર ઈક્રમટેક્સ દ્વારા દરોડા પાડવામાં આવ્યા છે. રાજકીય ફંડ અંગે પણ ચર્ચા ચાલી રહી છે. ચૂંટણીના માહોલ વચ્ચે આવકવેરા વિભાગે તવાઈ બોલાવતા ગોરખ ધંધા કરતા શખ્સોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. દરોડામાં મુખ્યત્વે રિયલ એસ્ટેટમાં સંકળાયેલા ધંધાર્થીઓ સહિત ફાઈનાન્સ બ્રોકર સંબધિત વેપારીઓને ત્યાં વહેલી સવારથી તપાસનો દોર શરૂ થયો છે. આ દરોડામાં ૨૦૦થી વધુ અધિકારીઓ આ દરોડામાં સામલ થયા છે. આ આઈટી દરોડાના લીધે સમગ્ર રિયલ એસ્ટેટના વેપારીઓમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. બીજી બાજુ ફઆઈનાન્સના બ્રોકરોમાં પણ ભયનો માહોલ જોવા મળી રહ્યો છે.

ચાર દિવસ પહેલા સુરતની ઈકોસેલે પણ સૌથી મોટું જીએસટી કૌભાંડ ઝડપી પાડ્યું હતું. ૨૧ ડમી કંપનીઓ ઉભી કરીને ૧૧૬ કરોડથી વધુની GST ચોરી ઝડપી પાડવામાં આવી છે. સુરત સહિત ગુજરાતના છ શહેરોમાં ઈકોસેલે રેડ કરી કાર્યવાહી કરી હતી. મળતી માહિતી મુજબ બોગસ શેલ કંપનીઓ શરૂ કરી તેના નામે બોગસ બિલિંગ કરી ઈનપુટ ટેક્સ ક્રેડિટ મેળવાતી હતી. આ માટે ટોરેન્ટ પાવર અને ડીજીવીસીએલના ખોટા બિલો પણ રજૂ કરવામાં આવ્યા હોવાની માહિતી મળી રહી છે. આરોપીઓ બિલ બનાવ્યા બાદ ખોટ દર્શાવી જીએસટી ભરતા ન હતા અને એગ્રીકલ્ચર એકાઉન્ટમાં જમા થતા સરકારી નાણા પણ બારોબાર ઉપાડી લેતા હતા. આ કૌભાંડમાં કુલ ૧૨૦૬ કરોડના બોગસ બિલિંગ કરી તેમાં ૧૧૬ કરોડની ઈનપુટ ટેક્સ ક્રેડિટ મેળવાઈ હોવાનું સામે આવ્યું છે. આ કૌભાંડમાં અત્યાર સુધી ૨૨ લોકોની પૂછપરછ કરાઈ છે, જેમાંથી ૧૪ લોકોની સંડોવણી સામે આવી છે. આ કૌભાંડમાં મુખ્ય ૪ સૂત્રધાર હોવાનું સામે આવ્યું છે.પોલીસે આ મામલે અત્યાર સુધી ૧૪ લોકોની ધરપકડ કરીને ૧૬ લેપટોપ,૨૫ મોબાઈલ, હાર્ડડિસ્ક, ચેકબુક, ડેબિટ, ક્રેડિટ કાર્ડ, પાનકાર્ડ, સ્ટેમ્પ અને ૨ લાખથી વધુ રકમ જપ્ત કરી છે.

# મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન માટે જમીન સંપાદનની પ્રક્રિયા ગેરકાયદેસર, ગોદરેજ ગ્રુપનો બોમ્બે હાઈકોર્ટમાં દાવો

મુંબઈ,

જમીન સંપાદન પ્રક્રિયા ગેરકાયદેસર હોવાના કારણે મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટમાં વિલંબ થઈ રહ્યો છે. ગોદરેજ ગ્રુપ ખોટા આરોપો લગાવીને પોતાની નિષ્ફળતા છુપાવી રહ્યું છે. ગોદરેજ કંપનીએ બોમ્બે હાઈકોર્ટમાં આ દાવો કર્યો છે. કંપનીએ રાજ્ય સરકારના એ દાવાને સ્પષ્ટપણે નકારી કાઢ્યો છે કે પ્રોજેક્ટમાં વિલંબ પાછળ ગોદરેજ કંપની કારણભૂત છે. ગોદરેજ એન્ડ બોયસ કંપનીએ ગુરુવારે મુંબઈ હાઈકોર્ટમાં આ દાવો કર્યો હતો. રાજ્ય સરકારનો આરોપ છે કે ગોદરેજ કંપની જમીન સંપાદનની પ્રક્રિયામાં અવરોધ ઉભી કરી રહી છે.

બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે જમીન સંપાદન કરવાના રાજ્ય સરકારના આદેશને કંપનીએ હાઈકોર્ટમાં પડકાર્યો છે. આ અરજીનો વિરોધ કરતા રાજ્ય સરકારે કંપની પર પ્રોજેક્ટ લટકાવવાનું કારણ હોવાનો આરોપ લગાવ્યો હતો.



ગોદરેજે આ આરોપને નકારી કાઢ્યો અને કોર્ટમાં દાવો કર્યો કે રાજ્ય સરકાર તેની નિષ્ફળતા માટે કંપની પર દોષનો ટોપલો ઢોળવાનો પ્રયાસ કરી રહી છે. કંપનીએ ગુરુવારે જસ્ટિસ નીતિન જામદાર અને જસ્ટિસ શર્મિલા દેશમુખની ડિવિઝન બેંચ સમક્ષ તેનું સોગંદનામું રજૂ કર્યુ હતું. હાઈકોર્ટે સુનાવણીની આગામી તારીખ ૨૧ નવેમ્બર નક્કી કરી છે.

બુલેટ ટ્રેનની જમીન માટે રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવી રહેલી ૨૬૪ કરોડની વળતરની રકમ સામે ગોદરેજ હાઈકોર્ટમાં પહોંચ્યું છે. રાજ્ય સરકારે મુંબઈના વિક્રોલી વિસ્તારમાં બુલેટ ટ્રેન માટે ૧૦ હેક્ટર જમીન લેવાની તૈયારી શરૂ કરી છે. કંપની બોમ્બે હાઈકોર્ટને આ જમીન સંપાદનની પ્રક્રિયાને મોકૂફ રાખવાની માંગ કરી રહી છે. રાજ્ય સરકાર નુકસાનની ભરપાઈ માટે માત્ર ૨૬૪ કરોડની રકમ આપવા પર અડગ છે.

મુંબઈ અને અમદાવાદને જોડતા આ બુલેટ ટ્રેન પ્રોજેક્ટના ૫૩૪ કિમી હાઈસ્પીડ રેલવે કોરિડોરમાં ૨૧ કિલોમીટર લંબાઈની ટનલ તૈયાર કરવામાં આવી રહી છે. આ ટનલ થાણેની ખાડીની નીચેથી પસાર થશે. આ ટનલ મુંબઈના વિક્રોલી વિસ્તારથી શરૂ થશે. આ માટે રાજ્ય સરકારે જમીન સંપાદન અધિનિયમ ૨૦૧૩ હેઠળ માર્ચ ૨૦૧૮માં વિક્રોલીનો આ પ્લોટ લેવાની પ્રક્રિયા શરૂ કરી હતી. કંપનીનું કહેવું છે કે નુકસાન અંગેની સુનાવણીને હવે ૨૬ મહિનાથી વધુ સમય વીતી ગયો છે. આવી સ્થિતિમાં જૂના ભાવ પર કરાયેલ કરાર હવે રદ થાય છે.

બીજી તરફ આ પ્રોજેક્ટ પહેલેથી જ ચાર વર્ષથી લટકી રહ્યો છે. રાજ્ય સરકારની દલીલ છે કે જ્યાં સુધી વિવાદનો નિર્ણય ન આવે ત્યાં સુધી તેને નુકસાનની રકમ જમા કરાવવાની છૂટ આપવી જોઈએ. વિક્રોલીની ૩,૦૦૦ એકર જમીનની માલિકી અંગે ૧૯૭૩નો વિવાદ હજુ પેન્ડિંગ છે. જેના કારણે પ્રજાના હિત માટે બનાવવામાં આવી રહેલ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ લટકી રહ્યો છે.

# મુંબઈમાં આતંકી હુમલાનું અલર્ટ, ડ્રોન-પ્રાઈવેટ હેલીકોપ્ટર ઉડાવવા પર રોક

મુંબઈ,

દેશની આર્થિક રાજધાની મુંબઈમાં આતંકી હુમલાનું અલર્ટ છે. આ બધા વચ્ચે મુંબઈ પોલીસે જોખમની આશંકાના પગલે ૧૩ નવેમ્બરથી આગામી ૩૦ દિવસ માટે શહેરમાં કોઈ પણ ડ્રોન, રિમોટ કંટ્રોલ્ડ લાઈટ એરક્રાફ્ટ અને પેરાગ્લાઈડરને ઉડાવવા પર પ્રતિબંધાત્મક આદેશ બહાર પાડ્યા છે. ૧૩ નવેમ્બરથી ૧૨ ડિસેમ્બર સુધી મુંબઈમાં ડ્રોન, રિમોટથી નિયંત્રિત એરક્રાફ્ટ, પેરાગ્લાઈડર, ખાનગી હેલિકોપ્ટર અને ગરમ હવાના બલુન ઉડાવવા પર રોક રહેશે.

અત્રે જણાવવાનું કે મુંબઈ પોલીસે આવો આદેશ એટલા માટે આપ્યો છે જેથી કરીને આતંકવાદી ગતિવિધિઓ માટે આ ચીજોના સંભવિત



ઉપયોગને અટકાવી શકાય. આ આદેશ ૨૬ નવેમ્બર ૨૦૦૮ના રોજ મુંબઈમાં થયેલા આતંકી હુમલાની વરસીને ધ્યાનમાં રાખીને બહાર પાડવામાં આવ્યો છે. આ હુમલામાં ૧૬૬ લોકો માર્યા ગયા હતા. મુંબઈ પોલીસે સીઆરપીસીની કલમ ૧૪૪ હેઠળ આ આદેશ બહાર પાડ્યો. પોલીસનું કહેવું છે કે તેનો ભંગ કરનાર કોઈ પણ વ્યક્તિને આઈપીસીની કલમ ૧૮૮ હેઠળ સજા થશે.

મુંબઈ પોલીસના જણાવ્યાં મુજબ એવી શક્યતા છે કે આતંકીઓ સંભવિત હુમલાઓ માટે ડ્રોન, રિમોટથી નિયંત્રિત થનારા એરક્રાફ્ટ, પેરાગ્લાઈડરનો ઉપયોગ કરી શકે છે. આ પ્રકારે તેઓ વીવીઆઈપીઓને નિશાન બનાવી શકે છે અને મોટા પાયે લોકોના જીવને જોખમમાં નાખી શકે છે, જાહેર સંપત્તિને નષ્ટ કરી શકે છે અને કાયદા વ્યવસ્થામાં ગડબડી કરી શકે છે.

આતંકી હુમલાના અલર્ટને ધ્યાનમાં રાખીને રાખીને મુંબઈ પોલીસના આદેશમાં કહેવાયું છે કે આ ઉડનારી ચીજોના ઉપયોગથી કોઈ પણ સંભવિત હુમલાને રોકવાના હેતુસર બૃહદ મુંબઈ પોલીસ કમિશ્નરેટના અધિકાર ક્ષેત્રમાં આવા તત્વોની ગતિવિધિઓ પર પ્રતિબંધ લગાવવો જરૂરી છે.

# વિશ્વભરમાં દર વર્ષે ૧૫ લાખ લોકોના મૃત્યુનું કારણ છે વાયુ પ્રદૂષણ! રિપોર્ટ

નવીદિલ્હી,

વાયુ પ્રદૂષણનું નીચું સ્તર વિચાર કરતાં વધુ ખતરનાક છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના તાજેતરના મૂલ્યાંકન મુજબ, વાયુ પ્રદૂષણના સૂક્ષ્મ કણોના લાંબા સમય સુધી સંપર્કમાં રહેવાને કારણે દર વર્ષે ૪૨ લાખથી વધુ લોકો અકાળે મૃત્યુ પામે છે. વાયુ પ્રદૂષણ ફાઈન પાર્ટિક્યુલેટ મેટર વિશ્વભરમાં દર વર્ષે ૧૫ લાખ લોકોના અકાળ મૃત્યુ માટે જવાબદાર હોઈ શકે છે. એક અભ્યાસમાં જાણવા મળ્યું છે કે વાયુ પ્રદૂષણનું નીચું સ્તર વિચાર કરતાં વધુ ખતરનાક છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના તાજેતરના મૂલ્યાંકન મુજબ, વાયુ પ્રદૂષણના સૂક્ષ્મ કણોના લાંબા સમય સુધી સંપર્કમાં રહેવાને કારણે દર વર્ષે ૪૨ લાખથી વધુ લોકો અકાળે મૃત્યુ પામે છે. 'સાયન્સ એડવાન્સિસ' જર્નલમાં પ્રકાશિત થયેલો આ અભ્યાસ સૂચવે છે કે પ્રદૂષણના આ સૂક્ષ્મ રજકણોના સંપર્કમાં આવવાથી દર વર્ષે વિશ્વભરમાં મૃત્યુ અપેક્ષા કરતા વધુ હોઈ શકે છે. આ કણો, જે ફક્ત માઈક્રોસ્કોપ હેઠળ જોઈ શકાય છે, તે હૃદય અને શ્વસન સંબંધી રોગો અને કેન્સરનું કારણ બની શકે છે. કેનેડાની મેકગિલ યુનિવર્સિટીના આસિસ્ટન્ટ પ્રોફેસર, મુખ્ય સંશોધક સ્કોટ વિચેન્થલે જણાવ્યું હતું કે, "અમને જાણવા મળ્યું છે કે બાહ્ય પીએમ ૨.૫ દર વર્ષે વિશ્વભરમાં ૧૫ લાખ વધારાના મૃત્યુ માટે જવાબદાર હોઈ શકે છે."

# સંસદમાં ચીન કે મોંઘવારી પર બોલું એટલે માઈક બંધ': રાહુલ

નવીદિલ્હી,

કોંગ્રેસના પૂર્વ પ્રમુખ અને સાંસદ રાહુલ ગાંધી 'ભારત જોડો યાત્રા' અંતર્ગત હાલ મહારાષ્ટ્રમાં છે. એક જાહેરસભાને સંબોધિત કરતા રાહુલ ગાંધીએ આરોપ લગાવ્યો કે તેમને સંસદમાં બોલવા દેવામાં આવતા નથી. જેવો જ હું જનતાના મુદ્દા ઉઠાવું છું, એટલે મારું માઈક બંધ કરી દેવામાં આવે છે. એટલા માટે જનતાને દેશની હાલત દેખાડવા માટે ભારત જોડો યાત્રા કોંગ્રેસ દ્વારા શરુ કરાઈ છે. રાહુલ ગાંધીએ એક વીડિયો ટ્વીટ કર્યું છે, જેમાં એ કહી રહ્યા છે કે પાર્લિયામેન્ટમાં પ્રજા સંલગ્ન મુદ્દા ઉઠાવું છું તો તેમનું માઈક ઓફ કરી દેવામાં આવે છે. આ સાથે રાહુલ ગાંધીએ ઉમેર્યું કે ચીન-માઈક ઓફ, મોંઘવારી-માઈખ ઓફ, નોટબંધ-માઈક ઓફ, અગ્નિપથ-માઈક ઓફ, બેરોજગારી-માઈક ઓફ. રાહુલ ગાંધીએ ટ્વીટ કરીને લખ્યું કે વડાપ્રધાનજી, ધ્યાનથી સાંભળી લો-તમે લોકોની અવાજ દબાવી શકશો નહીં, તેની ગૂંજ તમારો અહંકાર તોડશે. આ સાથે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ કહ્યુ કે આપણી સંસદની હાલત એવી કરી દીધી છે. અગ્નિવીર યોજનામાં ૬ મહિના ટ્રેનિંગ આપવામાં આવશે, સાડા ત્રણ વર્ષ કામ કર્યા પછી સૈનિકને ઘેર મોકલી દેવાશે. પરંતુ આ મુદ્દે સંસદમાં બોલીએ તો અમારું માઈક બંધ કરી દેવામાં આવે છે. અહીંયા નોંધવું રહ્યું કે, ભારત જોડો યાત્રા દરમિયાન રાહુલ ગાંધીને દક્ષિણના રાજ્યો જેવું જ જન-સમર્થન સાંપડી રહ્યું છે અને આ દરમિયાન જાહેરસભાને સંબોધિત કરતી વખતે રાહુલ ગાંધી નિરંતર કેન્દ્ર સરકાર પર પ્રહાર કરતા રહે છે.

# શંકરસિંહ વાઘેલા મલ્લિકાર્જુન ખડગેના કાર્યક્રમમાં ફરીથી કોંગ્રેસનો હાથ પકડે તેવી સંભાવના !

ગાંધીનગર,

પૂર્વ મુખ્યપ્રધાન અને કોંગ્રેસ નેતા શંકરસિંહ વાઘેલા ફરી પકડી શકે છે કોંગ્રેસનો હાથ પકડી શકે છે. ૧૨ નવેમ્બરના શંકરસિંહ બાપુ પણ કોંગ્રેસમાં જોડાશે તેવી તમામ શકયતાઓ જોવાઈ રહી છે. શંકરસિંહ વાઘેલા તેમના કાર્યકરોને ફોન કરવાનુ કર્યુ શરૂ હોવાની માહિતી સૂત્રોએ જણાવની હતી. તેમણે ૧૨ નવેમ્બરે કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેના કાર્યક્રમમાં હાજર રહેવા સમર્થકોને સૂચના આપી છે, ત્યારે એવી તમામ શકયતાઓ જોવાઈ રહી છે કે ખડગેની હાજરીમાં શંકરસિંહ કોંગ્રેસમાં જોડાઈ શકે છે.

દરમિયાન થોડા દિવસ અગાઉ જ શંકરસિંહ વાઘેલાએ એક પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે હું ભાજપ અને કોંગ્રેસ બંનેને બરાબર જાણુ છુ. જો બીજેપીથી બચવુ હોય તો કોંગ્રેસને લાવો. તે સમયે તેઓએ એવું પણ કીધું હતું કે હું કોગ્રેસમાં હોઉ કે ન હોઉ તેનાથી કોઈ ફર્ક નથી પડતો. ભાજપ અને કોંગ્રેસ વચ્ચે ચુંટણી જંગ રહેવાદો બીજા કોઈને વચ્ચે ન લાવો. ૨૫ વર્ષ સુધી ભાજપને મોકો આપ્યો હવે ન આપતા. તેમણે વાક પ્રહાર કરતા કહ્યું હતું કે જે પાર્ટીને ખભા પર બેસાડી ૧૯૯૫ માં સત્તા સ્થાને લઈ ગયા તે અત્યારે ખોટા લોકોના હાથમાં જતી રહી છે. આ લોકો આપદામાં અવસર શોધે છે

# દિવાળીના ૧૫ દિવસમાં સાઈચરણે ૧૮ કરોડના દાનનો ધોધ વહ્યો

મુંબઈ,

દિવાળી દરમ્યાન ૨૦મી ઑક્ટોબરથી પાંચમી નવેમ્બરના ૧૫ દિવસ દરમ્યાન શિર્ડીના સાઈ મંદિરમાં કુલ ૧૮ કરોડનું દાન આવ્યું છે. તહેવાર અને વેકેશનને લીધે શિર્ડીમાં મોટાપાયે ભાવિકોએ ભીડ જમાવી હતી. આ દરમ્યાન જ મોટી માત્રામાં દાનનો ધોધ મંદિરની પેટીમાં વહ્યો છે.૧૫ દિવસમાં મળેલાં દાનમાં રોકડ રકમ, ઓનલાઈન દાન, ચેક, સોનું, ચાંદી, વિદેશી ચલણ આદિનો સમાવેશ છે. વિગતવાર જોઈએ તો, ૩.૧૧ કરોડ રુપિયાનું દાન દક્ષિણા પેટીમાં જમા થયું છે જ્યારે દાન કાઉન્ટર પર ૭.૫૪ કરોડની રકમ મળી છે. ૧.૪૫ કરોડ રુપિયા ઓનલાઈન, ૩.૩ લાખ રુપિયા ચેક/ડીડી દ્વારા તો મની ઓર્ડર દ્વારા ૭.૨૮ લાખ અને ડેબિટ-ક્રેડિટ કાર્ડ દ્વારા ૧.૮૪ કરોડ રુપિયા મંદિરને મળ્યા છે. ૮૬૦.૪૫૦ ગ્રામ એટલેકે અંદાજે ૩૯.૫૩ લાખ રુપિયાનું સોનું ૧૩૩૪૫.૯૭૦ ગ્રામ અંદાજે ૫.૪૫ લાખ રુપિયાનું ચાંદી અને ૨૪.૮૦ લાખ રુપિયાના વિવિધ ૨૯ દેશોના વિદેશી ચલણ દાનસ્વરુપે મળ્યાં છે.

# સુપ્રીમ કોર્ટે દેશના પૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધીની હત્યાના તમામ ૬ આરોપીઓને મુક્ત કરવાનો આદેશ આપ્યો

નવીદિલ્હી,

સુપ્રીમ કોર્ટે દેશના પૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધીની હત્યાના તમામ ૬ આરોપીઓને મુક્ત કરવાનો આદેશ આપ્યો છે. આ દોષિતોમાં નલિની અને આરપી રવિચંદ્રન પણ સામેલ છે જેમણે રાજીવ ગાંધીની હત્યાનું કાવતરું રચ્યું હતું.

૨૧ મે ૧૯૯૧ના રોજ એક ચૂંટણી રેલી દરમિયાન તમિલનાડુમાં આત્મઘાતી હુમલામાં રાજીવ ગાંધીની હત્યા કરવામાં આવી હતી. તેને એક મહિલાએ માળા પહેરાવી હતી, ત્યારબાદ વિસ્ફોટ થયો હતો. જે વિસ્ફોટમાં ૧૮ લોકોના મોત થયા હતા. આ કેસમાં કુલ ૪૧ લોકોને આરોપી બનાવવામાં આવ્યા હતા. જેમાંથી ૧૨ લોકોના મોત થઈ ચૂક્યા છે અને ત્રણ નાસી છૂટ્યા હતા. જ્યારે બાકીના ૨૬ પકડાયા હતા. તેમાં શ્રીલંકાના અને ભારતીય નાગરિકો હતા. ફરાર આરોપીઓમાં પ્રભાકરન, પોટ્ટુ ઓમ્માન અને અકિલાનો સમાવેશ થાય છે.



આરોપીઓ સામે ટાડા એક્ટ હેઠળ કાર્યવાહી કરવામાં આવી હતી. સાત વર્ષની કાનૂની કાર્યવાહી બાદ ૨૮ જાન્યુઆરી ૧૯૯૮ના રોજ ટાડા કોર્ટે હજાર પાનાનો ચુકાદો આપ્યો હતો. જેમાં તમામ ૨૬ આરોપીઓને ફાંસીની સજા સંભળાવવામાં આવી હતી. એક આરોપી પેરારીવલનને મૃત્યુદંડની સજા ફટકારવામાં આવી હતી જેને પણ મુક્ત કરવાનો આદેશ આપ્યો હતો. ૧૮ મેના રોજ સુપ્રીમ કોર્ટે પેરારીવલનને જેલમાં તેમના સારા વર્તન માટે મુક્ત કરવાનો આદેશ આપ્યો હતો. જસ્ટિસ એલ નાગેશ્વરની બેંચે કલમ ૧૪૨નો ઉપયોગ કરીને આ આદેશ આપ્યો હતો.

રાજીવ ગાંધીની હત્યાના તમામ છ આરોપી પર ચુકાદો સંભળાવતી વખતે, સર્વોચ્ચ અદાલતે અવલોકન કર્યું હતું કે જેલમાં બંધ આરોપીઓ એસ નલિની, જયકુમાર, આરપી રવિચંદ્રન, રોબર્ટ પિયાસ, સુતેન્દ્રરાજા અને શ્રીહરન સારા વર્તન માટે જેલમાંથી મુક્ત થયા છે. જેલમાં તેમની વર્તણૂક સારી હોવાનું જાણવા મળ્યું હતું અને જેલમાં તેમના રોકાણ દરમિયાન આ તમામે વિવિધ ડિગ્રીઓ હાંસલ કરી હતી.સુપ્રિમ કોર્ટે તેના નિર્ણયમાં કહ્યું કે છેલ્લા ઘણા સમયથી રાજ્યપાલે કોઈ નિર્ણય નથી લીધો જેથી અમે નિર્ણય લઈ રહ્યા છીએ. અદાલતે જણાવ્યું હતું કે આ કિસ્સામાં દોષિત જાહેર કરાયેલ પેરારિવલનને છોડી મુકવાનો આદેશ બાકીના દોષિતો પર પણ લાગુ પડશે. પરંતુ એ પહેલા સુપ્રિમ કોર્ટે આ વર્ષે મે મહિનામાં પેરારિવલનનો છોડવાનો આદેશ કર્યો છે.

આ કેસમાં કુલ ૪૧ લોકોને આરોપી બનાવવામાં આવ્યા હતા. ૧૨ લોકોના મોત થયા હતા અને ત્રણ ફરાર થઈ ગયા હતા. જ્યારે બાકીના ૨૬ પકડાયા હતા. તેમાં શ્રીલંકન અને ભારતીય નાગરિકો હતા. ફરાર આરોપીઓમાં પ્રભાકરન, પોટ્ટુ ઓમ્માન અને અકિલા સામેલ છે. આરોપીઓ સામે ટાડા એક્ટ હેઠળ કાર્યવાહી કરવામાં આવી હતી. સાત વર્ષની કાનૂની કાર્યવાહી બાદ ૨૮ જાન્યુઆરી ૧૯૯૮ના રોજ ટાડા કોર્ટે હજાર પાનાનો ચુકાદો આપ્યો હતો. જેમાં તમામ ૨૬ આરોપીઓને ફાંસીની સજા સંભળાવવામાં આવી હતી.

આ નિર્ણય ટાડા કોર્ટનો હતો તેથી તેને સુપ્રીમ કોર્ટમાં પડકારવામાં આવ્યો હતો. ટાડા કોર્ટના નિર્ણયને હાઈકોર્ટમાં પડકારી શકાયો નથી. એક વર્ષ બાદ સુપ્રીમ કોર્ટની ત્રણ જજની બેંચે સમગ્ર નિર્ણયને પલટી નાખ્યો હતો. સુપ્રીમ કોર્ટે ૨૬માંથી ૧૯ દોષિતોને નિર્દોષ જાહેર કર્યા હતા. માત્ર ૭ દોષિતોની ફાંસીની સજા યથાવત રાખવામાં આવી હતી. બાદમાં તેને આજીવન કેદમાં બદલી દેવામાં આવી હતી.જ્યારે નલિનીની રાજીવ ગાંધીની હત્યાના આરોપમાં ધરપકડ કરવામાં આવી હતી, ત્યારે તે ગર્ભવતી હતી. તેની પ્રેગ્નન્સીના ૨ મહિના થયા હતા. ત્યારે સોનિયા ગાંધીએ નલિનીને માફ કરી હતી. તેમણે કહ્યું હતું કે નલિનીની ભૂલની સજા તેના માસૂમ બાળકને કેવી રીતે મળી શકે, જે દુનિયામાં આવ્યું જ નથી.રાજીવ ગાંધીની હત્યાના કેસમાં ટ્રાયલ કોર્ટે કાવતરામાં સામેલ ૨૬ ગુનેગારને મૃત્યુદંડની સજા ફટકારી હતી. મે ૧૯૯૯માં સુપ્રીમ કોર્ટે ૧૯ લોકોને નિર્દોષ જાહેર કર્યા હતા. બચેલા સાત આરોપી(નલિની, મુરુગન ઉર્ફે શ્રીહરન, સંથન અને પેરારીવલન)ને મૃત્યુદંડ આપ્યો અને બાકી (રવિચંદ્રન, રોબર્ટ પાયસ અને જયકુમાર)ને ઉંમર કેદ. ચારેયની દયાની અરજી પર તામિલનાડુના રાજ્યપાલે નલિનીની ફાંસીની સજાને આજીવન કેદમાં ફેરવી દીધી હતી, બાકીના આરોપીઓની દયાની અરજી રાષ્ટ્રપતિએ ૨૦૧૧માં ફગાવી દીધી હતી.૧૯૮૪માં ઈન્દિરા ગાંધીની હત્યા બાદ રાજીવ ગાંધી વડાપ્રધાન બન્યા. કોંગ્રેસ લોકસભા ચૂંટણીમાં ત્રણ ચતુર્થાંશ બેઠકો જીતવામાં સફળ રહી હતી. એ સમયે કોંગ્રેસે ૫૩૩માંથી ૪૧૪ બેઠક જીતી હતી. રાજીવ જ્યારે વડાપ્રધાન બન્યા ત્યારે તેઓ માત્ર ૪૦ વર્ષના હતા. તેઓ દેશના સૌથી યુવા વડાપ્રધાન હતા.

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# લુણાવાડા બેઠક ઉપર ભાજપના ધારાસભ્યને રીપીટ કરતાં સમર્થકોમાં ઉત્સાહ


તસ્વીર : વીરભદ્ર સિસોદીયા, મલેકપુર

મલેકપુર,
એક તરફ શિયાળાની ઠંડી વધી રહી છે. તો બીજી તરફ ગુજરાત વિધાનસભાની ચૂંટણીના પગલે રાજકીય પારો વધતાં ગરમાવો વધી રહ્યો છે. મહીસાગર જિલ્લાની ૧૨૨ લુણાવાડા વિધાનસભામાં ભાજપ પક્ષ દ્વારા વર્તમાન ધારાસભ્ય જીગ્નેશ સેવકને રિપીટ કરવામાં આવતાં સમર્થકોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. વિવિધ સમાજ દ્વારા સમર્થન માટે મળી જીતની શુભેચ્છાઓ પાઠવવામાં આવી રહી છે. આજરોજ લુણાવાડા મત વિસ્તારના પાટીદાર સમાજના અગ્રણીઓએ ભાજપ પક્ષ દ્વારા ફરી એકવાર આગામી વિધાનસભા ચુંટણી માટે લુણાવાડા ધારાસભ્ય જીગ્નેશ સેવકની પસંદગી કરવામાં આવતાં ખુશી વ્યકત કરી તમામ પ્રકારે સહયોગ આપી જંગી લીડથી જીતાડવા સંકલ્પ વ્યકત કર્યો હતો. આ પ્રસંગે પાટીદાર અગ્રણીઓએ ૧૦૮નું હુલામણું નામ સાર્થક કરતાં લુણાવાડા ધારાસભ્ય જીગ્નેશ સેવકના પ્રજાકીય કામો અને લોકસેવાને બિરદાવી હતી.


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

**સંતરામપુર તાલુકાના ખેડાપા ગામે ખેતરમાંથી અજગરનું ૧૨ ફૂટ અજગરનો પકડાયો. સંતરામપુરના ખેડાપા ગામે વન વિભાગ અને નેચર હેલ્થ ફાઉન્ડેશન ટીમ દ્વારા ખેતરમાંથી અજગર નું વેક્યુ કરવામાં આવ્યું અને સંતરામપુર માતરીચા જંગલમાં છોડી મૂકવામાં આવેલો હતો.**

## મલેકપુર હનુમાન મંદિર ખાતે દર્શનનો લાભ લેતા માનસિંહ ચૌહાણ



મલેકપુર,
તાજેતરમાં ભાજપ દ્વારા જાહેર કરાયેલા ઉમેદવારોના નામોની યાદી પૈકી ૧૨૧ ખેડા બાલાસિનોરના ભાજપના ઉમેદવાર માનસિંહ ચૌહાણે મહીસાગર જિલ્લાના લુણાવાડા તાલુકામાં આવેલ મલેકપુર ગામે સ્વયંભૂ સુપ્રસિદ્ધ હનુમાન મંદિરમાં આવી હનુમાનજીના દર્શન કરી મંદિરના મહારાજ અમિત મહારાજના આશીર્વાદ લીધા હતા અને મહારાજ એ તેમને વિજયોભવના આશીર્વાદ આપ્યા હતા. આ પ્રસંગે ઉમેદવારની સાથે તેમના સાથીદારો સહિત મલેકપુરના અતુલ પટેલ તથા દેવેન્દ્ર પટેલ તથા અમિત મહારાજ તથા ક્રિશ રાવલ સહિત હાજર રહી ધન્યતા અનુભવી હતી.

## વાઘોડિયાથી ટિકિટ ન મળતા મધુ શ્રીવાસ્તવની અપક્ષ કે કોઈ પાર્ટી સાથે લડવાની જાહેરાત કરી



વડોદરા,
વડોદરાના વાઘોડિયા બેઠક પરથી રિપીટ ન કરાતા ભાજપના ધારાસભ્ય મધુ શ્રીવાસ્તવ લડી લેવાના મૂડમાં જોવા મળ્યા છે અને હવે અપક્ષ અથવા તો અન્ય કોઈ પક્ષ સાથે તે ઈલેક્શન લડી શકે છે. અપક્ષ તરીકે લડવુ કે અન્ય કોઈ પક્ષના બેનર હેઠળ લડવુ તે અંગે તેઓ આવતીકાલે જાહેરાત કરશે. ભાજપ દ્વારા ૧૬૦ ઉમેદવારોની ટિકિટ જાહેર થયા બાદ તેમણે જણાવ્યુ હતુ કે કાર્યકર્તાઓ સાથે મળીને નિર્ણય કરશે.

મધુ શ્રીવાસ્તવે જણાવ્યુ કે કાર્યકરોની લાગણી છે કે મધુભાઈ તમે આગળ વધો, તનમનધનથી તમને જીતાડીને આવશુ. અપક્ષ તરીકે લડો તો અપક્ષ તરીકે જે પાર્ટી પરથી લડો તે પાર્ટીથી અમે તમને જીતાડીશુ. વધુમાં મધુ શ્રીવાસ્તવે જણાવ્યુ કે કાર્યકર્તાઓએ નિર્ણય લીધો છે, કાલે બેસીશુ અને કેવી રીતે ચૂંટણી લડવી, અપક્ષ લડવુ કે કોઈ પાર્ટી સાથે લડવુ તે તે નિર્ણય અંગે જાહેરાત કરશે.

ઉલ્લેખનીય છે કે ભાજપે વાઘોડિયા બેઠક પરથી આ વખતે મધુ શ્રીવાસ્તવની ટિકિટ કાપી મનિષા વકીલને મેદાને ઉતાર્યા છે. આ પહેલા મધુ શ્રીવાસ્તવે બુધવારે જ ચૂંટણી ન લડવાની જાહેરાત કરી હતી. મધુ શ્રીવાસ્તવે જણાવ્યુ હતુ કે વાઘોડિયા બેઠક પરથી તે ઉમેદવારી નહી કરે. આ અગાઉ તેમણે તેઓ નહીં પણ તેમના પત્ની ચૂંટણી લડશે તેવું જણાવ્યુ હતુ. જો કે હવે તેમણે પત્નીને ટિકિટ આપવા બાબતે ફેરવી તોળ્યુ હતુ કે- તેમણે મશ્કરીમાં કહ્યું હતું કે તેઓ પોતે નહીં તો તેમના પત્ની ચૂંટણી લડશે. પરંતુ ભાજપમાં કોઈ સગાને ટિકિટ આપવાની ના પાડેલી છે. જેથી ટિકિટનો સવાલ જ નથી ઉભો થતો. તેમણે કહ્યું કે- તેઓ ભાજપમાં છે અને ભાજપના સેવક બનીને જ રહેવાના છે. આ તરફ વાઘોડીયા બેઠક પર ૨૦૧૭માં અપક્ષમાંથી દાવેદારી કરનાર ધર્મેન્દ્રસિંહ વાઘેલાએ પણ દાવેદારી નોંધાવી છે. મહત્વનું છે કે, ૨૦૧૭માં મધુ શ્રીવાસ્તવ સામે અપક્ષમાંથી ચૂંટણી લડનાર ધર્મેન્દ્રસિંહ વાઘેલાને ૫૨ હજાર મત મળ્યા હતા જ્યારે મધુ શ્રીવાસ્તવને ૬૩ હજાર મત મળ્યા હતા અને ગત વિધાનસભાની ચૂંટણી હાર બાદ પણ મત ક્ષેત્રમાં સક્રિય રહીને મધુ શ્રીવાસ્તવને સતત પડકાર આપી રહ્યા છે.

## ચુંટણી પહેલા હાર્દિક પટેલને મહેસાણામાં પ્રવેશ કરવાની છૂટ મળી



અમદાવાદ,
ગુજરાત હાઈકોર્ટમાંથી હાર્દિક પટેલને મોટી રાહત મળી છે. વિસનગર તોડફોડના કેસમાં મહેસાણામાં પ્રવેશ કરવા પર પ્રતિબંધની શરતમાં ગુજરાતમાં હાઇકોર્ટે હાર્દિક પટેલને આશિંક રાહત આપી છે. હાર્દિક પટેલ મહેસાણા જિલ્લામાં એક વર્ષ સુધી જઈ શકશે.

મહેસાણા પ્રવેશ કરવાના પ્રતિબંધ પર હાર્દિક પટેલને આંશિક રાહત મળી છે. વિસનગર તોડફોડના કેસમાં મહેસાણામાં પ્રવેશ કરવા પર પ્રતિબંધની શરતમાં હાઇકોર્ટે રાહત આપી છે. હાર્દિક પટેલને એક વર્ષ સુધી મહેસાણામાં પ્રવેશ પર છૂટ મળી છે. આ સુનાવણી દરમિયાન કોર્ટે હળવી ટકોર કરી હતી કે, હવે આ કેસમાં થયેલી સજા રદ થઇ જાય તો પણ સરકારને વાંધો નહી હોય!

૨૩ જૂલાઇ ૨૦૧૫માં પાટીદાર અનામત સમિતિની દ્વારા રેલી યોજવામાં આવી હતી. આ રેલી દરમિયાન ૫૦૦ જેટલા લોકોના ટોળાએ આતંક મચાવ્યો હતો. અને ભાજપના ભારાસભ્ય ઋષિકેશ પટેલની ઓફિસમાં તોડફોડ કરી હતી તથા સાથે લૂંટફાટ પણ કરવામાં આવી હતી. ઉપરાંત ૨૦૧૬માં વિસનગરમાં આઈટીઆઈ સર્કલ પાસે ધારાસભ્યની કાર પર પથ્થર ફેંકયો હતો. વિસનગર કોર્ટે હાર્દિક, લાલજી સહિતના લોકો સામે વોરંટ ઈશ્યૂ કર્યું હતું.

ઉલ્લેખનીય છે કે, ભાજપે હાર્દિક પટેલને ઉમેદવાર બનાવ્યો છે. વિરમગામ બેઠક પર ભાજપ ૧૫ વર્ષથી જીતી શક્યું નથી. ૨૦૧૭ની ચૂંટણીમાં ભાજપની ટિકિટ પર ડોક્ટર તેજશ્રીબેન દિલીપકુમાર પટેલ મેદાને હતા, પરંતુ તેમને કોંગ્રેસના લાખાભાઈ ભરવાડની સામે હારનો સામનો કરવો પડ્યો હતો. કોંગ્રેસના ઉમેદવારને ૭૬ હજાર ૧૭૮ મતો મળ્યા હતા. જ્યારે ભાજપ ઉમેદવારને ૬૯ હજાર ૬૩૦ મતો મળ્યા હતા.

# ગુજરાત વિધાનસભાની સામાન્ય ચુંટણીને લઈ કાયદો અને વ્યવસ્થા પોલીસ દ્વારા કાર્યવાહી કરાઈ

લુણાવાડા,
ગુજરાત વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૨ નું મતદાન તા. ૦૧/૧૨/૨૦૨૨ (પ્રથમ ચરણ) તથા તા. ૦૫/૧૨/૨૦૨૨ (દ્વિતીય ચરણ) રોજ યોજાનાર છે. તા.૦૩/૧૧/૨૨થી આદર્શઆચારસંહિતા (Model Code of Conduct) અમલમાંઆવતા ચૂંટણી પ્રક્રિયા મુક્ત અને ન્યાયી વાતાવરણમાં યોજાયા તે હેતુસર કાયદો અને વ્યવસ્થા જાળવવા અંગે નીચે મુજબની કાર્યવાહી કરવામાં આવેલ છે.

– ગુજરાત નશાબંધી અધિનિયમ,૧૯૪૯ અન્વયે રાજ્યમાં તા.૦૩/૧૧/ ૨૦૨૨ થી તા.૧૧/ ૧૧/ ૨૦૨૨સુધી કુલ ૧૦,૧૫૦ કેસો કરવામાં આવેલ છે. જેમાં ૮,૩૪૬ આરોપીઓની ધરપકડ કરવામાં આવેલ છે. ઉપરોક્ત કેસોમાં ૮,૩૮,૦૬૦ રૂ. નો દેશી દારૂ ૪,૦૫,૯૦,૩૨૫ રૂ. નો ભારતીય બનાવટનો વિદેશી દારૂ (IMFL) તથા ૬,૦૪,૨૨,૩૨૧ રૂ. અન્ય ચીજ-વસ્તુઓ સાથે કુલ રૂપિયા ૧૦,૧૮,૫૦,૭૦૬/- નો મુદ્દામાલ પકડવામાં આવેલ છે.

– રાજ્યમાં Criminal Procedure Code, 1973 હેઠળ ૭૮,૩૮૬ કેસો, GujaratProhibition Act, 1949 હેઠળ ૧૪,૨૧૫ કેસો, Gujarat Police Act, 1951 હેઠળ ૧૦૫૦ કેસો તથા PASA Act, 1985 હેઠળ ૪૭૦ કેસો એમ વિવિધ કલમો હેઠળ કુલ ૯૪,૧૨૧ અટકાયતી પગલાં લેવામાં આવેલ છે.

– રાજ્યમાં કુલ ૫૫,૬૪૦ પરવાના ધરાવતા હથિયાર ધારકો પાસેથી ૪૭,૬૮૨ (૮૫.૬૯%)હથિયારો જમા લેવામાં આવેલ છે તથા અન્ય બાકીના હથિયારો જમા લેવાની કામગીરી હાલમાં ચાલુ છે.

– રાજ્યમાં તા. ૦૩ /૧૧/૨૦૨૨ થી આજ દિન સુધી કુલ ૧૬,૩૦૫ Non Bailable Warrant ની બજવણી કરવામાં આવેલ છે.

– રાજ્યમાં The Arms Act, 1959 હેઠળ ૨૬ ગેરકાયદેસર હથિયાર તથા ૪૯ ગેરકાયદેસર દારૂગોળા જમા કરવામાં આવેલ છે.

– રાજ્યમાં NDPS Act, 1985 હેઠળ કુલ ૧૭ કેસો નોંધી, કુલ ૧,૦૧,૨૫,૫૬૪/-નો ૧૨૯.૮૬ કિ.ગ્રા.નો NDPS પદાર્થ પકડવામાં આવેલ છે.

– રાજ્યમાં હાલ ૧૪૦ આંતરરાજ્ય ચેક પોસ્ટ, ૧૬૩૮ Static Surveillance Teams તથા ૫૮૬ Flying Squads કાર્યરત છે. તેમના દ્વારા અત્યાર સુધીમાં ગેરકાયદેસર કેશ રૂપિયા/ઘરેણા ને લગતા વલસાડ, અમદાવાદ શહેર, ભરૂચ જિલ્લા તથા સુરત શહેર ખાતે ૦૫ કેસો નોંધવામાં આવેલ છે. જેમાં ૪૮,૮૩,૦૦૦/- રૂપિયાની કેશ તથા ૩૭,૭૩,૫૬૫/- રૂપિયાની કિંમતના ઘરેણાં એમ કુલ મળીને ૮૬,૫૬,૫૬૫/- રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરી Income Tax Departmentને જાણ કરવામાં આવેલ છે.

## ગુજરાત વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૨ : EXIT POLL તથા OPINION POLL અંગે જાહેરનામું બહાર પડાયુ

મહિસાગર,
ગુજરાત વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૨ના સંદર્ભમાં મતદાન અંગે સર્વેક્ષણ (Exit Poll) કરવા અને સર્વેક્ષણના પરિણામો પ્રસિધ્ધ કરવા પર લોકપ્રતિનિધિત્વ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૧૨૬(એ)ની પેટા કલમ-૧ હેઠળ પ્રતિબંધનો સમયગાળો તા.૧૨/૧૧/૨૦૨૨ (શનિવાર)ના સવારના ૮-૦૦ વાગ્યાથી તા.૦૫/૧૨/૨૦૨૨ (સોમવાર)ના સાંજના ૫:૩૦ વાગ્યા સુધીનો છે.તથા મતદાન પુરૂ થયા બાદ ૪૮ કલાકના સમયગાળા દરમ્યાન મતદાન અંગેના અનુમાનો (Opinion Poll) સહીતની કોઈપણ ચૂંટણી સંબંધી સામગ્રી કોઈપણ ઈલેક્ટ્રોનિક માધ્યમો પરથી પ્રસારીત કરવા પર લોકપ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૨૬(૧)(બી) હેઠળ પ્રતિબંધ છે, તેવી સ્પષ્ટતા કરતું જાહેરનામું તા.૧૦/૧૧/૨૦૨૨ના રોજ ચૂંટણી આયોગે બહાર પાડ્યુ છે.

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશની ૫મી 'વંદે ભારત ટ્રેન'ને લીલી ઝંડી બતાવી રવાના કરી




બેંગ્લુરૂ,
વડાપ્રધાન નરેન્દ્ર મોદી દક્ષિણ ભારતના ૪ રાજ્યોના બે દિવસીય પ્રવાસ પર આજે પહોંચ્યા છે અને આ દરમિયાન તેઓ ઘણા કાર્યક્રમોમાં ભાગ લેશે. દરમિયાન મોદીએ આજે સવારે બેંગલુરુના કેએસઆર સ્ટેશનથી દક્ષિણ ભારતની પ્રથમ વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનને લીલી ઝંડી બતાવી હતી. આ સાથે તેઓ ભારત ગૌરવ કાશી દર્શન ટ્રેનને પણ લીલી ઝંડી બતાવશે.

આ પહેલા પીએમ મોદી શુક્રવારે સવારે બેંગલુરુના એચએએલ એરપોર્ટ પર પહોંચ્યા હતા. જ્યાં કર્ણાટકના રાજ્યપાલ થાવરચંદ ગેહલોત, મુખ્ય પ્રધાન બસવરાજ બોમાઈ, ઘણા કેબિનેટ સભ્યો, કેન્દ્રીય પ્રધાન પ્રહલાદ જોશી, ભારતીય જનતા પાર્ટી રાજ્ય એકમના અધ્યક્ષ નલિન કુમાર કાતિલ, ભાજપ સંસદીય બોર્ડના સભ્ય બીએસ યેદિયુરપ્પા, પાર્ટીના ધારાસભ્યો અને અધિકારીઓએ તેમનું સ્વાગત કર્યું.ત્યારબાદ વડાપ્રધાન મોદી ક્રાંતિવીર સંગોલી રાયન્ના રેલવે સ્ટેશન ગયા અને ત્યાં તેમણે મૈસૂર-ચેન્નઈ વંદે ભારત એક્સપ્રેસને લીલી ઝંડી બતાવી હતી.આ દેશની પાંચમી અને દક્ષિણ ભારતની પ્રથમ વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન છે. અહીંથી પીએમ મોદીએ ભારત ગૌરવ કાશી દર્શન ટ્રેનને પણ લીલી ઝંડી બતાવી હતી. જે રેલવેની ભારત ગૌરવ ટ્રેન નીતિ હેઠળ કર્ણાટકના મુઝરાઈ વિભાગ દ્વારા ચલાવવામાં આવશે. સાઉથ વેસ્ટર્ન રેલવેના જણાવ્યા અનુસાર, "તે કાશીની મુસાફરી કરવા ઈચ્છતા ઘણા પ્રવાસીઓનું સપનું પૂરું કરશે."

આ પહેલા પીએમ મોદીએ વિધાનસૌધા સંકુલમાં સંત-કવિ કનક દાસ અને મહર્ષિ વાલ્મિકીની પ્રતિમાઓ પર પુષ્પાંજલિ અર્પણ કરીને તેમના પ્રવાસની શરૂઆત કરી હતી. સંત કવિ કનક દાસની આજે જન્મજયંતિની ઉજવણી કરવામાં આવી રહી છે. સંત-કવિ કનક દાસની જન્મજયંતિ નિમિત્તે, મોદીએ આજે અહીં વિધાનસૌધા નજીક ધારાસભ્ય ગૃહ સંકુલમાં તેમની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. આ સાથે પરિસરમાં આવેલી રામાયણના રચયિતા મહર્ષિ વાલ્મીકિની પ્રતિમાને પણ પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. એટલું જ નહીં, તેમની મુલાકાત દરમિયાન પીએમ મોદી નાદપ્રભુ કેમ્પેગૌડાની ૧૦૮ ફૂટ ઊંચી કાંસ્ય પ્રતિમાનું અનાવરણ કર્યું હતું અને પાંચ હજાર કરોડ રૂપિયાના ખર્ચે બનેલા કેમ્પેગૌડા ઈન્ટરનેશનલ એરપોર્ટના ટર્મિનલ-૨નું ઉદ્‌ઘાટન કર્યું હતું વડાપ્રધાન મોદીની મુલાકાતને ધ્યાનમાં રાખીને શહેરમાં અને સ્થળોએ ચુસ્ત સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે.

## ભરૂચની અંકલેશ્વર બેઠક પર બે સગા ભાઈ વચ્ચે મુકાબલો જોવા મળશે

ભરૂચ,
ગુજરાત ચૂંટણીને લઈને ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના ઉમેદવારોની યાદી જાહેર કરવામાં આવી છે. જેમાં ઘણી એવી આશ્ચર્યજનક વાતો છે, જે હવે ખૂલીને સામે આવી છે. આ ચૂંટણીમાં ભરૂચની અંકલેશ્વર બેઠક પર બે સગા ભાઈ વચ્ચે મુકાબલો જોવા મળશે. ભાજપે ૧૬૦ બેઠકો પર ઉમેદવારોના નામની જાહેરાત કરી છે, જ્યારે પહેલી યાદીના પાંચ ઉમેદવારો જાહેર કરવાના બાકી છે. જ્યારે કોંગ્રેસે પોતાના ૮૯ ઉમેદવારો જાહેર કરી દીધા છે. પરંતુ ભાજપ-કોંગ્રેસના ઉમેદવારોમાં બે સગા ભાઈઓ વચ્ચેની કહાની સામે આવી છે. બંને ભાઈઓ વચ્ચે ચાલતા પારિવારિક વિખવાદનો કોંગ્રેસે ફાયદો ઉઠાવ્યો હોવાની વાત સામે આવી છે. જેમાં ભારતીય જનતા પાર્ટીએ ઈશ્વરસિંહ પટેલને ટિકિટ આપી તો તેની સામ કોંગ્રેસે વિજયસિંહ પટેલને પોતાના ઉમેદવાર બનાવ્યા છે. બંને ભાઈઓ વચ્ચે ચાલતા પારિવારિક વિખવાદનો કોંગ્રેસે ફાયદો ઉઠાવ્યો છે. હવે જોવાનું એ રહેશે કે બંન્ને ભાઈઓમાંથી કોની જીત થાય છે.ભાઈઓ વચ્ચે ચુંટણી જંગ થઈ રહ્યો છે ત્યારે મતદારો પણ ગુંચવાયા છે કે કોને મત આપવો.

## આપની આજ.......

મેષ : આજે તમારી આજુબાજુ સુખદ વાતાવરણ રહેશે. નોકરી અને ધંધામાં તમારા મુજબનું વાતાવરણ બનાવવામાં આવશે, જેના કારણે તમારી કામ કરવાની શૈલી પણ સુધરશે. પરિવારના તમામ સભ્યોની ખુશીમાં વધારો થશે.

વૃષભ : ધંધાના દ્રષ્ટિકોણથી આ સારો સમય છે. નવી ડીલ દ્વારા પ્રતિષ્ઠા વધશે. સંતાન પક્ષથી થોડી રાહત મળશે. રાજકીય ક્ષેત્રે કરવામાં આવેલા પ્રયત્નોથી સફળતા મળશે.

મિથુન : ભાગ્યના સહયોગથી રોજગાર અને ધંધાના ક્ષેત્રે ચાલી રહેલા પ્રયત્નોમાં કલ્પનાશીલ સફળતા પ્રાપ્ત થશે. સંતાન તરફથી સંતોષકારક સુખદ સમાચાર મળવાથી મનનો ભાર ઓછો થશે.

કર્ક : શરૂ થયેલા કામમાં તમને સફળતા મળશે, જેનાથી તમારો આત્મવિશ્વાસ વધશે. વેપારી વર્ગ તેમના અનુભવના આધારે વ્યવસાય ક્ષેત્રનો વિસ્તાર કરશે. તમને તમારા જીવનસાથીનો સહયોગ મળશે.

સિંહ : આજનો દિવસ સાધારણ ફળદાયક રહેશે. ધૈર્ય સાથે પરિવારની સમસ્યાઓના નિરાકરણને શોધવામાં મદદ મળશે. વિદ્યાર્થીઓને શિક્ષણ અને સ્પર્ધામાં વિશેષ સફળતા મળશે. પારિવારિક ખર્ચને નિયંત્રિત કરવાની જરૂર છે.

કન્યા : વિદ્યાર્થીઓ ઈચ્છિત ક્ષેત્રમાં ઉચ્ચ શિક્ષણ મેળવવાનો માર્ગ મોકળો કરશે. કોઈપણ કિંમતી વસ્તુઓ અને દસ્તાવેજો તમારી પાસે રાખો, નહીં તો ચોરી અથવા નુકસાન થવાનો ભય રહેશે. ધંધામાં સકારાત્મક પરિવર્તનથી લાભની સ્થિતિમાં વધારો થશે.

તુલા : તમારા દ્વારા કરવામાં આવેલ રોકાણ સારા પરિણામ આપશે. ધંધાકીય કાર્યમાં પ્રગતિને કારણે તમને તમારા અનુભવનો પૂરો લાભ મળશે. વિરોધીઓ પરાજિત થશે. તમારા સ્વાસ્થ્યની સંપૂર્ણ કાળજી લો અને સમયાંતરે ડોકટરોની સલાહ લેશો.

વૃશ્ચિક : જો ઘર અને વાહન ખરીદવાની ઈચ્છા હોય તો તમારા પ્રયત્નો સફળ થશે. સંતાનની જવાબદારી નિભાવી શકાય છે. મિત્રો સાથે મુસાફરીની સ્થિતિ સુખદ અને લાભકારી રહેશે.


ધનુ : બાળકો સંબંધિત ચિંતા આજે સમાપ્ત થઈ જશે અને તેમનું કાર્ય પણ ધીમે ધીમે પૂર્ણ થશે. પિતાના માર્ગદર્શનથી વિવાહિત જીવનમાં ઘણા દિવસોથી ચાલી રહેલો ડેડલોક સમાપ્ત થઈ જશે. વિદ્યાર્થીઓ એકાગ્રતા જાળવવાનો પ્રયાસ કરે છે.

મકર : ધંધાકીય ક્ષેત્રે પ્રગતિને કારણે તમારા વિરોધીઓ પણ તમારી પ્રશંસા કરશે. ભાઈઓની સહાયથી અટકેલા કાર્યોમાં પ્રગતિ થશે. સાસરિયાઓ તરફથી નોંધપાત્ર રકમ મળી શકે છે.

કુંભ : તમારી મહેનત કાર્યક્ષેત્રમાં નવી ઉર્જા લાવશે અને અટકેલા કાર્યો પૂર્ણ થતાં જોશે. આજીવિકાના ક્ષેત્રે ચાલી રહેલા નવા પ્રયત્નો ફળદાયી બનશે. માતા-પિતાના સ્વાસ્થ્યનું વિશેષ ધ્યાન રાખો.

મીન : રોજગારમાં ફેરફાર કરવા માટે સમય યોગ્ય નથી. સ્ત્રી મિત્રને કારણે વ્યાવસાયિક ઉન્નતિની તકો મળશે. બિઝનેસમાં તમારે ભાગદોડ કરવી પડી શકે છે, જેના કારણે તમારું સ્વાસ્થ્ય બગડી શકે છે.

# પેટ્રોલ-ડીઝલના વેચાણ ઉપર નફો વધવાને કારણે કિંમતમાં ઘટાડો થઈ શકે છે



નવીદિલ્હી,
ઘણા રાજ્યોમાં ચુટણીની તૈયારીઓ ચાલી રહી છે અને એવામાં ચૂંટણી પહેલા પેટ્રોલ-ડીઝલના ભાવમાં ઘટાડો થવાની સંભાવના છે. જો કે કિંમત ઘટાડાની પાછળનું કારણ ચુંટણી નહીં પણ આંતરરાષ્ટ્રીય બજારમાં કાચા તેલની કિંમતો લાંબા સમયથી નરમ રહેલ કિંમત છે. આંતરરાષ્ટ્રીય બજારમાં કિંમતમાં ઘટાડાની સ્થિતિમાં ઈન્ડિયન ઓઈલ, બીપીસીએલ એચપીસીએલ જેવી ઓઈલ માર્કેટિંગ કંપનીઓને હાલ પેટ્રોલ અને ડીઝલના વેચાણમાં ઘણો ફાયદો થઈ રહ્યો છે.

જો કે આ કંપનીઓએ લાંબા સમયથી કિંમતો સ્થિર રાખી છે અને તેના કારણે જ્યારે કિંમત વધુ હતી ત્યારે કંપનીઓને મોટું નુકસાન પણ થયું હતું પણ હવે પેટ્રોલ અને ડીઝલના વેચાણ પર નફો વધવાને કારણે તેઓ કિંમતમાં ઘટાડો કરી શકે છે.

એક રિપોર્ટ અનુસાર કંપનીઓને હાલ પેટ્રોલ પર લગભગ ૬ રૂપિયા પ્રતિ લીટરનો સરપ્લસ મળી રહ્યો છે અમે હાલની સ્થિતિમાં કંપનીઓ માટે કિંમતમાં ઘટાડો કરવો શક્ય છે. જો કે અગાઉના નુકસાનની ભરપાઈ કરવા માટે ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ કિંમત ઘટાડવાનું ટાળ્યું હતું પણ હિમાચલ અને ગુજરાતમાં ચૂંટણીની તારીખોની જાહેરાત બાદ ભાવમાં ઘટાડો થવાની અટકળો વધી ગઈ છે. હાલ એવો અંદાજ લગાવવામાં આવ્યો છે કે ઓઈલ માર્કેટિંગ કંપનીઓ પેટ્રોલ અને ડીઝલના ભાવમાં પ્રતિ લીટર ૨.૫ રૂપિયા સુધીનો ઘટાડો કરી શકે છે.

જણાવી દઈએ કે ભારતે આ વર્ષે રશિયા પાસેથી ક્રૂડ ઓઈલની આયાતમાં નોંધપાત્ર વધારો કર્યો છે. યુક્રેન સાથેના રશિયાના યુદ્ધ પહેલા ભારતની કુલ ક્રૂડ આયાતમાં રશિયાનો હિસ્સો ૨ ટકા પણ ન હતો જે હવે ૨૦ ટકાની નજીક પહોંચી ગયો છે. ખાસ જણાવી દઈએ કે ગયા મહિને ઈરાક અને સાઉદી અરેબિયા જેવા સપ્લાયર્સને પાછળ છોડીને રશિયા દ્વારા ક્રૂડ ઓઈલ સપ્લાય કરતા દેશોની યાદીમાં ભારત પ્રથમ વખત પ્રથમ આવ્યું હતું. જો કે તેની પાછળ કારણ હતું કે ભારતને રશિયા પાસેથી આંતરરાષ્ટ્રીય કિંમતોની સરખામણીમાં ખૂબ ઓછી કિંમતે ક્રૂડ ઓઈલ મળી ગયું હતું.

ઈન્ટરનેશનલ માર્કેટમાં જ્યાં ૧૦૦ ડોલર પ્રતિ બેરલના ભાવે ક્રૂડ મળી રહ્યું છે એ જ સમયે ભારતને રશિયા પાસેથી ૨૫ ડોલર પ્રતિ બેરલ સુધી ક્રૂડ ઓઈલ મળી ગયું હતું. જો કે તે સમયે પશ્ચિમી દેશોના પ્રતિબંધોને કારણે રશિયાએ તેના ક્રૂડ ઓઈલની કિંમતમાં ૧૮ થી ૨૫ ડોલર પ્રતિ બેરલનો ઘટાડો કર્યો હતો અને તેને કારણે જ ભારતને ઓછા કે ઓછા ડિસ્કાઉન્ટ પર ક્રૂડ આયાત કરવાનો મોકો મળ્યો હતો.

## દાહોદ શહેરની નામાંકિત હોસ્પિટલના ડૉ.અમીત શુકલા ગુમ થયા બાદ

# ધરમપુરી નદી માંથી મૃતદેહ મળતાં DNA રીપોર્ટ કરાવી શુકલા હોવાનું પુરવાર થયા બાદ પરિવારે ફરી DNA કરવા માંગ કરી



દાહોદ,

દાહોદ શહેરના નામાંકિત હોસ્પીટલમાં ફરજ બજાવતાં ડૉ. અમીત શુકલા લગભગ બે મહિના અગાઉ ગુમ થયાં હતા. જેને લઈને ઘણી બધી અફવાઓ અને અપવાદ રૂપી કિસ્સા વચ્ચે એક મહત્વપૂર્ણ ખુલાસાએ સૌ કોઈને આશ્ચર્યચકિત કરી નાખ્યા છે. જેમાં મધ્યપ્રદેશના ધાર જિલ્લાના ધરમપુરીની એક નદીમાંથી એક બિન વારસી મૃતદેહ મળી આવ્યો હતો. જે બાદ ડોક્ટર અમિત શુક્લા કેસમાં તપાસ કરનાર પોલીસે ડીએનએ કરાવતાં આ ડીએનએ રિપોર્ટમાં આ મૃતદેહ ડૉ.અમીત શુકલાનું હોવાનું પુરવાર થતાં પરિવારજનોમાં ગમગીની છવાઈ હતી પરંતુ ડૉ.અમીત શુકલાના પરિવારજનો સહીત તેમના ચાહનારા વર્ગ, સહિત લોકોમાં ઉઠવા પામ્યાં ત્યારે આ મામલાને ગંભીરતાથી લઈ પોલીસ દ્વારા તલસ્પર્શી તપાસ કરવામાં આવે અને ઉચ્ચ લેવલે ડીએનએ રિપોર્ટ ફરી કરાવવામાં આવે તેવી લાગણી અને માંગણી ડૉ. શુકલાના શુભચિંતકોમાં ઉદ્દભવવા પામી છે.

દાહોદ શહેરમાં આવેલ અર્બન હોસ્પિટલના ડૉ. અમીત શુકલાની મીસીંગને લઈ મોટા સમાચાર સામે આવ્યાં છે. ગત તા. ૨૫ ઓગષ્ટના રોજ સવારે સાડા છ વાગ્યાના આસપાસ ડૉ. અમીત શુક્લા ઈન્દૌર જવા માટે પોતાની કારમાં સવાર થઈ ઘરેથી નીકળ્યાં હતાં. ત્યારથી ડૉ. અમીત શુક્લા મીસીંગ હતાં. આ સંદર્ભે તેઓના પરિવારજનો દ્વારા દાહોદ શહેર પોલીસ મથકે ડૉ. અમીત શુકલાની ગુમસુદાની જાણ પણ કરવામાં આવી હતી. આ બાદ મધ્યપ્રદેશમાં આવેલ નર્મદા નદીના મોરટક્કા પુલ પાસેથી તેમની ફોર વ્હીલર ગાડી તેમાંથી મોબાઈલ ફોન, પર્સ વિગેરે મળી આવ્યાં હતાં. આ બાદ મધ્યપ્રદેશની પોલીસ દ્વારા નર્મદા નદીમાં ૧૦ દિવસ સુધી ડૉ. અમીત શુક્લાની શોધખોળ પણ આદરી હતી પરંતુ તેમનો કોઈ પત્તો લાગ્યો ન હતો ત્યારે બીજી તરફ તારીખ ૨૮મી ઓગષ્ટના રોજ ધાર જિલ્લાના ધરમપુરી ખાતેની નદીમાંથી એક મૃતદેહન મળી આવ્યો હતો. આ મામલે મધ્યપ્રદેશની પોલીસે મળી આવેલ મૃતદેહના પરિવારજનોની શોધખોળ પણ આદરી હતી પરંતુ મૃતદેહના કોઈ પરિવારજનો મળી આવ્યાં ન હતાં. આખરે પોલીસને ક્યાંકને ક્યાંક આ મૃતદેહ ડૉ. અમીત શુક્લાનો હોવાનો શંકા જતાં આ સંદર્ભે મધ્યપ્રદેશ પોલીસ દ્વારા ડૉ. અમીત શુક્લાના પરિવારજનોનો સંપર્ક કરી ડીએનએ કરવાની વાત કરી હતી અને પોલીસે તારીખ ૯ સપ્ટેમ્બરના રોજ ડૉ. અમીત શુક્લાના પુત્રના ડીએનએ નમુના લઈ મળી આવેલ મૃતદેહના ડીએનએ સાથે મેચ કરાવવા સારૂં ડીએનએ માટે મોકલી આપ્યાં હતાં ત્યારે ૨૮ ઓક્ટોબરના રોજ પોલીસ પાસે આવી ગયા હતા અને ત્યારબાદ પોલીસે પરિવારજનોને આ ડીએનએની રિપોર્ટ મોકલતા આજરોજ પરિવારજનોને ડીએનએ રિપોર્ટ મળ્યો હતો જેને જોઈને સૌ કોઈ ચોંકી ગયાં હતાં. મળી આવેલ મૃતદેહ અને ડૉ. અમીત શુકલાના પુત્રના ડીએનએ રિપોર્ટ મેચ થઈ જતાં આ મળી આવેલ મૃતદેહ ડૉ. અમીત શુક્લાનો હોવાનું પોલીસ દ્વારા ડીએનએ રિપોર્ટ દ્વારા પુરવાર કરી દેવામાં આવ્યું છે ત્યારે હાલ પણ લોકોમાં અનેક સવાલો ઉઠવા પામ્યા છે જેમાં જે મૃતદેહ મળી આવ્યો હતો તેના કપડા પણ ન હતા અને માથે વાળ પણ ન હતા તો બે દિવસની અંદર મળી આવેલ મૃતદેહના કપડા ગાયબ ના થાય અને માથાના વાળ પણ ના જાય. આવા સવાલો સાથે આ ઘટનાને ગંભીરતાથી લઈ પોલીસ દ્વારા આ મામલે મળી આવેલ મૃતદેહનો ફરી ઉચ્ચ સ્તરી ડીએનએ કરાવવામાં આવે તેવી લાગણી અને માંગણી લોકોમાં ઉઠવા પામી છે પરંતુ હાલ તો ડૉ. અમીત શુકલા નથી રહ્યાંના સમાચારથી સૌ કોઈમાં આઘાત લાગી રહ્યો છે. પરિવારજનો પણ આ મામલે ક્યાંકને ક્યાંક સ્વીકારી રહ્યાં નથી અને મામલાની ગંભીરતાને લઈ મધ્યપ્રદેશ પોલીસ અને દાહોદ પોલીસ તલસ્પર્શી તપાસનો ધમધમાટ આરંભ કરે તે અત્યંત જરૂરી છે. વધુમાં જાણ્યા મળ્યા અનુસાર ડોક્ટર અમિત શુક્લાના પરિવારજનો ખાનગી લેબમાં કરાવવાની મધ્યપ્રદેશ સરકાર પાસે માંગ કરશે. કેમ હાલના તબક્કે જણાવી રહ્યું છે.

### ગુજરાત વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૨

## અવસર લોકશાહીનો લોકશાહીના પ્રહરી બનતા દાહોદ સ્માર્ટ સીટીના સ્માર્ટ પોલ : નગરજનોને વિધાનસભાની સામાન્ય ચૂંટણીમાં અવશ્ય મતદાન કરવા પ્રેરી રહ્યાં છે



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણી યોજાવા જઇ રહી છે ત્યારે દાહોદ જિલ્લાના સ્માર્ટ સીટી દાહોદના સ્માર્ટ પોલ લોકશાહીના પ્રહરી બન્યા છે. દાહોદનાં નગરજનોને આ સ્માર્ટ પોલ લોકશાહીના અવસરને અવશ્ય ઝડપી લઇ મતદાન કરવા માટેનો સંદેશો આપી રહ્યાં છે. દાહોદ નગરનાં નાગરિકોને જાગૃત મતદાતા બનવા સાથે આ સ્માર્ટ પોલ મતદાનની તારીખ સહિતની ચૂંટણીલક્ષી વિવિધ માહિતી આપવાની કામગીરી સ્માર્ટ રીતે કરી રહ્યાં છે.

ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણી ૨૦૨૨ અંતર્ગત દાહોદનાં જિલ્લા ચૂંટણી અધિકારી ડો. હર્ષિત ગોસાવીના માર્ગદર્શનમાં મતદાતાઓને જાગૃત કરવા માટે મતદાર જાગૃતતા અભિયાન અંતર્ગત વિવિધ પ્રવૃતિ કરાઇ રહી છે ત્યારે સ્માર્ટ સીટી દાહોદમાં લાગેલા સ્માર્ટ પોલ સ્માર્ટ રીતે નગરજનોને મતદાન કરવા પ્રેરી રહ્યાં છે. સાથે વિધાનસભાની સામાન્ય ચૂંટણીની મતદાનની તારીખ સહિતની વિવિધ વિગતો પણ આ સ્માર્ટ પોલ આપી રહ્યાં છે.

સ્માર્ટ પોલ થકી નગરજનોને વિવિધ સૂત્રો થકી જાગૃત કરવામાં આવી રહ્યાં છે. જેમાં આપનો વોટ, આપની તાકાત, મતદાન આપણી પવિત્ર ફરજ છે, મતદાનથી જ દેશનો વિકાસ, મતદાન લોકશાહીનો પ્રાણ, અવસર અનોખા ગુજરાતનો – અવસર, આપણા સૌનો અવસર ગુજરાત વિધાનસભા ચૂંટણીનો અવસર લોકશાહીનો, મારો મત મારૂ ભવિષ્ય, તમારૂં મતદાન લોકતંત્રનો પ્રાણ, લોકશાહીનું મૂલ્ય ચૂકવો, મતદાન માટે આગળ વધો, કરો પ્રયત્ન ઝાઝા, છૂટે નહી એક પણ મતદાતા, યુવા શક્તિ કે તીન હે કામ શિક્ષા, સેવા ઓર મતદાન, મને જોઇએ જો મારો હક, નિભાવવી પડે મારી ફરજ જેવા અસરદાર સૂત્રો દ્વારા નગરજનોને મતદાન કરવા માટે ઈજન અપાઇ રહ્યું છે.

દાહોદ જિલ્લાની ચૂંટણી પ્રક્રિયા બીજા તબક્કામાં યોજાશે. તેમજ મતદાનની તા. ૫–૧૨–૨૨ છે ત્યારે જિલ્લાના નાગરિકોને અવશ્ય મતદાન કરવા માટે મતદાતા જાગૃતિ અભિયાન અંતર્ગત સઘન કામગીરી કરાઇ રહી છે.

## દાહોદ જિલ્લામાં ચૂંટણી આચાર સંહિતાનો ભંગ થાય તેવા સંદેશા SMS અને સોશિયલ મીડિયાના માધ્યમથી ફેલાવનાર સામે કાર્યવાહી કરાશે

દાહોદ,

જિલ્લામાં ચૂંટણી આચાર સંહિતાનો ભંગ થાય તેવા સંદેશા એસએમએસ અને સોશિયલ મીડિયાના માધ્યમથી ફેલાવનાર સામે કાયદેસરની કાર્યવાહી કરાશે. મોનિટરિંગ એસએમએસ, સોશિયલ મીડિયા જિલ્લાના નોડલ અધિકારી તરીકે નાયબ પોલીસ અધિક્ષક એસ.ડી. રાઠોડની નિમણુંક કરાઇ છે.

ગુજરાત વિધાનસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૨ સંદર્ભે દાહોદ જિલ્લામાં કોઇ પણ વ્યકિતને ચૂંટણી આચાર સંહિતાનો ભંગ થાય તેવા સંદેશા એસએમએસ અને સોશિયલ મીડિયાના માધ્યમથી મળે તો ભારતીય દંડ સંહિતા તથા લોકપ્રતિનિધિ ધારો ૧૯૫૧ તથા ચૂંટણી આચાર સંહિતા ૧૯૬૧ મુજબ કાયદેસરની કાર્યવાહી કરવા પોલીસ અધિક્ષક ચૂંટણી પંચ દ્વારા નાયબ પોલીસ અધિક્ષક મુખ્ય મથક, દાહોદ એસ.ડી. રાઠોડની નોડલ અધિકારી તરીકે નિમણુંક કરાઇ છે. તેઓ મોનિટરિંગ એસએમએસ, સોશિયલ મીડિયા જિલ્લાના નોડલ અધિકારી તરીકે નિમણુંક કરવામાં આવી હોય જિલ્લામાં કોઇ પણ વ્યકિતને આવા સંદેશા મળે અને તેઓ આ અંગે ફરીયાદ કે રજૂઆત કરવા માંગતા હોય તેમણે આવા સંદેશાની વિગત અને સંદેશા મોકલનારની વિગત અત્રેની કચેરી દ્વારા નિયત કરવામાં આવેલા મોબાઇલ નં. ૯૯૭૮૪૦૮૨૦૦, દાહોદ કંટ્રોલ નંબર ૦૨૬૭૩–૨૨૨૪૦૦ ઉપર મોકલીને જાણ કરવા નોડલ અધિકારીએ એક યાદીમાં જણાવ્યું છે.

## કોંગ્રેસ અને NCPનું ફરી એકવાર ગઠબંધન જાહેર થતાં દે.બારીયા સીટના સમીકરણો બદલાશે... ?

દે.બારીયા,

પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલા ખજુરાના કીંગ હતા. કેશુબાપાની સરકારમાં ભંગાણ પાડી ખેલ પાડયો હતો. શંકરસિંહ વાઘેલા હજુ વિધીવત રીતે કોંગ્રેસ પાર્ટીમાં જોડાયા નથી. પરંતુ કોંગ્રેસ અને એન.સી.પી.માં ફરી એકવાર નિવેદન સામે આવ્યું છે. ઉમરેઠ બેઠક ઉપર થી એન.સી.પી. ગઠબંધનમાં સામેલ છે. તો માની શકાય કે શંકરસિંહ વાઘેલા શહેરા લડી શકે છે. તો દે. બારીયા રાજવી કુટુંબ સાથે સારા સંઘંબ ધરાવતા હોવાથી શંકરસિંહ વાઘેલા બાપુ લોબી ઉભી કરીને રાજવી કુટુંબના તુષારસિંહ બાબાને લાવીને દે.બારીયા સીટના સમીકરણો બદલી શકે છે. કેમ કે અગાઉ તુષારસિંહ બાબા એન.સી.પી. સીમ્બોલ ઉપર દે.બારીયાની સીટ જીતમાં હતા. તો શું ? ભાજપ માંથી ટીકીટ મળી નથી તો એન.સી.પી.ના સીમ્બોલ ઉપર દે.બારીયા તે તો આવનારો સમય બતાવશે. શંકરસિંહના પુત્ર મહેન્દ્ર વાઘેલા બાયડ બેઠક ઉપર થી કોંગ્રેસ પક્ષ તરફ થી લડવાના છે. અત્રે ઉલ્લેખનિય છે કે, કોંગ્રેસ પક્ષે પોતાનો ઉમેદવાર હજુ સુધી ઘોષીત કર્યો નથી.

## દાહોદ જિલ્લા બજરંગ દળ સંયોજક દ્વારા જન્મદિવસની ઉજવણી અનોખી રીતે કરવામાં આવી



દાહોદ,

દાહોદ જિલ્લા બજરંગ દળ સંયોજક બળવંત ખોડ દ્વારા પોતાના જન્મ દિવસની ઉજવણી પ્રસંગે લીમડી નગરના સેવા વસ્તીના નાના–નાના ભૂલકાઓ સાથે સમય વ્યતીત કર્યો હતો. તેમણે પોતાના જન્મ દિવસની ઉજવણી પ્રસંગે ભૂલકાઓને ચોકલેટની ગિફ્ટ આપી હતી. ત્યાર બાદ નાના નાના ભૂલકાઓને તેમણે સનાતન હિન્દુ ધર્મ વિશે સમજણ આપી, તેમજ નાના ભૂલકાઓને જીવનમાં શિક્ષણનું શું મહત્વ છે તે સમજાવ્યું અને જીવનમાં દારૂ, જુગાર જેવી નશાકારક વસ્તુઓથી જીવનને થતાં નુકશાન અંગે સમજ આપી હતી. તેમનો આશય બાળકોમાં ધર્મ, સંકૃતિ વિશે સમરસતાનો ભાવ જગાડવાનો તેમજ જીવનમાં અન્ય યુવાનો પણ પોતાના જન્મ દિવસ નિમિત્તે ધર્મ સંસ્કૃતિ વિશે લોકોમાં સમજ આપે તેવો તેમનો ભાવ હતો.

## ફતેપુરાના બલૈયા ગામે ૧૫ થી ૨૦ લોકોના ટોળાએ તલવાર વડે બે વ્યકિત ઉપર હુમલો કરતાં એક વ્યકિતનું મોત



તસ્વીર : સંજય કલાલ, ફતેપુરા

ફતેપુરા,

દાહોદ જિલ્લાના ફતેપુરા તાલુકાના બલૈયા ગામે ૧૫ થી ૨૦ ઈસમોના ટોળાએ અગમ્યકારણોસર બે વ્યક્તિઓ ઉપર મારક હથિયારો વડે જીવલેણ હુમલો કરતાં એકનું સારવાર દરમ્યાન મોત નીપજયાંનું જયારે એકને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હોવાનું જાણવા મળે છે.

બલૈયા ગામે આજરોજ ગામમાં રહેતાં ૧૫ થી ૨૦ ઈસમોના ટોળાએ અગમ્યકારણોસર ગામમાં રહેતાં સંગાડા ટીનાભાઈ રામાભાઈ તથા વળવાઈ કાળુભાઈ ઉપર મારક હથિયારો વડે જીવલેણ હુમલો કરતાં ઉપરોક્ત બંન્ને વ્યકિતઓને ટોળાએ મારક હથિયારો વડે શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે ગંભીર માર મારતાં ઉપરોક્ત બંન્ને વ્યક્તિઓને નજીકના દવાખાને સારવાર અર્થે ખસેડવામાં આવતાં જ્યાં સારવાર દરમ્યાન સંગાડા ટીનાભાઈનું મોત નીપજ્યું હતું. જ્યારે ગંભીર ઈજાગ્રસ્ત વળવાઈ કાળુભાઈના બંન્ને પગે ગંભીર ઈજાઓ પહોંચાડતાં તેઓ દવાખાને સારવાર લઈ રહ્યાં છે. ઘટનાને પગલે ગામમાં ખળભળાટ સાથે ચકચાર મચી જવા પામી હતી. ઘટનાને પગલે મૃતકના પરિવારજનોમાં ગમગીની છવાઈ ગઈ હતી. આ સંબંધે સ્થાનીક પોલીસ પણ ઘટના સ્થળે દોડી ગઈ હતી અને ફરાર હુમલાખોરોના ધરપકડના ચક્રોગતિમાન કર્યાં છે. સમાચાર લખાય છે ત્યાં સુધી પોલીસ ફરિયાદ નોંધાંવવા પામી નથી.

## દાહોદ જીલ્લામાં બે અલગ-અલગ સ્થળેથી બે બાઈકની ચોરી

દાહોદ,

દાહોદ શહેરમાંથી બે જુદી જુદી જગ્યાએથી અજાણ્યા ચોર ઈસમોએ પોતાનો કસબ અજમાવી બે મોટરસાઈકલોની ચોરી કરી લઈ નાસી જતાં પોલીસમાં ફરિયાદ નોંધાંયાંનું જાણવા મળે છે.

ગત તા.૦૬ નવેમ્બરના રોજ દાહોદ તાલુકાના કતવારા ગામે વાડી ફળિયામાં રહેતાં લલીતભાઈ હરસિંગભાઈ મકોડીયા કોઈ કામ અર્થે દાહોદ મુકામે આવ્યાં હતાં અને પોતાની મોટરસાઈકલ દાહોદની ઝાયડસ હોસ્પિટલના ગેટ નં.૨ આગળ લોક મારી પાર્ક કરી હતી. આ મોટરસાઈકલને કોઈ અજાણ્યા ચોર ઈસમોએ પોતાનો કસબ અજમાવી મોટરસાઈકલનું લોકસ તોડી ચોરી કરી લઈ નાસી જતાં આ સંબંધે લલીતભાઈ હરસિંગભાઈ મકોડીયાએ દાહોદ એ. ડિવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મોટર સાઈકલ ચોરીનો બીજો બનાવ ગોવિંદ નગર ખાતે બનવા પામ્યો હતો. જેમાં ગત તા.૦૩ નવેમ્બરના રોજ ગોવિંદ નગર વિસ્તારમાં ત્રિમુર્તિ સોસાયટીમાં રહેતાં કલ્પેશકુમાર હમીરસિંહ લબાનાએ પોતાની મોટરસાઈકલ પોતાના ઘરના આંગણે લોક મારી પાર્ક કરી હતી. આ મોટરસાઈકલને કોઈ અજાણ્યા ચોર ઈસમોએ પોતાનો કસબ અજમાવી મોટરસાઈકલનું લોક તોડી ચોરી કરી લઈ નાસી જતાં આ સંબંધે કલ્પેશકુમાર હમીરસિંહ લબાનાએ દાહોદ એ. ડિવીઝન પોલીસ મથકે મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ગરબાડાના ભે ગામેથી દેશી કટ્ટા સાથે ઈસમ ઝડપ્યો

દાહોદ,

દાહોદ તાલુકાના ગરબાડા તાલુકાના ભે ગામેથી દાહોદ એલ.સી.બી. પોલીસે એક ઈસમના ઘરમાંથી ગેરકાયદે દેશી હાથ બનાવટનો એક તમંચો કિંમત રૂા.૩,૦૦૦ સાથે ઈસમની અટકાયત કરી હોવાનું જાણવા મળે છે.

ગત તા.૧૦મી નવેમ્બરના રોજ દાહોદ એલ.સી.બી. પોલીસને મળેલ બાતમીના આધારે પોલીસે ગરબાડા તાલુકાના ભે ગામે હાડીયા ફળિયામાં રહેતો પ્રવિણભાઈ કરણભાઈ ભુરીયાના ઘરમાં ઓચિંતો છાપો મારી ઘરના ઢાળીયામાં ગેરકાયદે સંતાડી રાખેલ દેશી હાથ બનાવટનો એક તમંચો કિંમત રૂા.૩,૦૦૦ પોલીસે કબજે કરી ઝડપી પાડવામાં આવેલ પ્રવિણભાઈની પુછપરછ કરતાં આ તમંચો દોઢેક વર્ષ અગાઉ મધ્યપ્રદેશ તરફથી જુરીના ઝાડું વેચવા આવેલ એક અજાણ્યા ઈસમ પાસેથી ખરીદ્યો હતો.

આ સંબંધે ગરબાડા પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## દાહોદના વણભોરી આવી જતાં ઈકો ગાડીમાં બેઠેલ મહિલાને ઈજાઓ થતાં મોત

દાહોદ,

દાહોદ તાલુકાના વણભોરી ગામે એક ઈક્કો ફોર વ્હીલર ગાડીના ચાલકે રસ્તામાં કુતરૂં આવી જતાં ઓચિંતી બ્રેક મારતાં ગાડીમાં બેઠેલ એક મહિલાને શરીરે ગંભીર ઈજાઓ પહોંચતાં તેમનું મોત નીપજ્યાંનું જ્યારે ચાલકને શરીરે ઈજાઓ પહોંચ્યાંનું જાણવા મળે છે.

ગત તા.૯ નવેમ્બરના રોજ દાહોદ તાલુકાના તરવાડીયા વજા ગામે રહેતો સમસુભાઈ વરસીંગભાઈ ભાભોરે પોતાના કબજાની ઈક્કો ફોર વ્હીલર ગાડી લઈ વણભોરી ગામેથી પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી પસાર થઈ રહ્યો હતો. તે સમયે રસ્તામાં અચાનક કુતરૂં આવી જતાં ઈક્કો ફોર વ્હીલર ગાડીની ઓચિંતી બ્રેક મારતાં ગાડીમાં બેઠેલ લખનાબેનને શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતાં તેમનું મોત નીપજ્યું હતું. જ્યારે ચાલક સમસુભાઈને પણ શરીરે ઈજાઓ પહોંચતાં તેઓને સારવાર અર્થે નજીકના દવાખાને ખસેડવામાં આવ્યાં હતાં.

આ સંબંધે દાહોદ તાલુકાના તરવાડીયા વજા ગામે બીલવાળ ફળિયામાં રહેતાં સમસુભાઈ વરસીંગભાઈ ભાભોરે કતવારા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## વિધાનસભા ચુંટણીને દાહોદ જીલ્લા પોલીસ દ્વારા વોન્ટેડ આરોપી અને દારૂ ઝડપ્યો

દાહોદ,

દાહોદ જિલ્લામાં વિધાનસભાની ચુંટણીને ધ્યાનમાં રાખી દાહોદ જિલ્લા પોલીસ તંત્ર એકશન મોડમાં આવી ગઈ છે. દાહોદ જિલ્લામાં ગેરકાયદે પ્રવૃતિઓ સહિત અસામાજીક તત્વો પર લગામ કરવા પોલીસ તંત્રએ કમર કસી છે અને એકજ દિવસમાં દાહોદ જિલ્લા પોલીસ દ્વારા પ્રોહીના ગુનાઓ, નાસતા ફરતા આરોપીઓ સહિત વિદેશી દારૂ અને દેશી દારૂના રૂા.૭,૦૦,૦૪૧ના જથ્થા સાથે ગુન્હામાં વપરાયેલા વાહનો મળી કુલ રૂા.૧૩,૪૦,૦૪૧નો મુદ્દામાલ કબજે કર્યો છે. જ્યારે દેશી દારૂની હાટડીઓ પર પણ પોલીસે પ્રોહી રેડ પાડી રૂા. ૧૧૮૦ની કિંમતનો દેશી દારૂ કબજે કર્યો છે. દાહોદ શહેર પોલીસ, દેવગઢ બારીઆની સાગટાળા પોલીસ પ્રોહીના જથ્થા સાથે ગુન્હામાં વપરાયેલ વાહનો મળી કુલ રૂા.૧૩,૪૦,૦૪૧નો મુદ્દામાલ કબજે કર્યો હતો તેમજ ખુલ લાંબા સમયથી પેન્ડીંગ ૩૮ બિન જામીનલાયક વોરંટવાળા ઈસમોની બજવણી કરવામાં આવી હતી. સી.આર.પી.સી. મુજબના ગુન્હાઓ તેમજ પ્રોહીના ગુન્હાઓ મળી કુલ ૪૪ મળી કુલ ૫૪૦ અટકાયતી પગલાં લેવામાં આવ્યાં છે. લાયસન્સ ધરાવતાં હથિયાર ધરાવતાં હથિયાર પરવાનેદારોના કુલ ૨૯૧ના હથિયારો જેમાં લેવામાં આવ્યાં છે. વિવિધ ગુન્હાઓમાં નાસતા ફરતાં તેમજ વોન્ટેડ આરોપીઓને પણ પકડી પાડવામાં આવ્યાં છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.69

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

## શહેરા ભાજપના અગ્રણી કહેવાતા

# ખાતુભાઈ પગીને ટીકીટ નહિ મળતા ભાજપ પક્ષથી નારાજ થઈને કોંગ્રેસમાં જોડાયા






તસ્વીર : તુષાર દરજી, શહેરા

- ખાતુભાઈ પગી તેમના સમર્થકો સાથે કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ જગદીશ ઠાકોરના હસ્તે કોંગ્રેસનો ખેસ ધારણ કર્યો.
- શહેરા ખાતે ખાતુભાઈ પગી કોંગ્રેસ પક્ષ માંથી વિધાનસભાની ચૂંટણી લડી શકે તેવી શક્યતાઓ.

શહેરામાં ભાજપ છોડીને કોંગ્રેસ પક્ષમાં જોડાયેલા ખાતુભાઈ પગીએ જણાવ્યું હતું કે, હું ૩૦વર્ષથી ભાજપ સાથે જોડાયેલો હતો. મેં બે વખત વિધાનસભાની ચૂંટણી લડવા માટે ભાજપ માંથી ટિકિટની માંગણી કરી હતી. આ વખતે પણ મને ટિકિટ ભાજપ દ્વારા આપવામાં આવી નથી. હું મારા સમર્થકો સાથે ચર્ચા કરીને કોંગ્રેસમાં જોડાવાનું નક્કી કર્યું હતું. હું મારા સમર્થકો સાથે કોંગ્રેસમાં જોડાયા છીએ અને આ વખતે કોંગ્રેસની જીત નક્કી છે.

શહેરા વિધાનસભાની ચૂંટણીના ઉમેદવારની જાહેરાત થતાની સાથે ભાજપમાં નારાજગીના સૂર જોવા મળ્યા હતા. જિલ્લા પંચાયતના માજી ઉપપ્રમુખ અને તાલુકા ભાજપ અગ્રણી કહેવાતા ખાતુભાઈ પગીને ટિકિટ નહીં મળતા તેઓ કોંગ્રેસમાં જોડાયા હતા. જોકે, ખાતુભાઈ પગી બારીયા ક્ષત્રિય સમાજના અગ્રણી હોવા સાથે તેમનું સારૂં એવું નામ ધરાવે છે. ત્યારે આ વખતની વિધાનસભાની ચૂંટણી જીતવા માટે રાજકીય પક્ષોએ તૈયારીઓ શરૂ કરી દીધી હતી.

શહેરા.

શહેરા ભાજપના અગ્રણી કહેવાતા ખાતુભાઈ પગીને ટીકીટ નહિ મળતા ભાજપ પક્ષથી નારાજ થઈને કોંગ્રેસમાં જોડાયા હતા. ખાતુભાઈ પગી સહિત તેમના સમર્થકોએ કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ જગદીશ ઠાકોરના હસ્તે કોંગ્રેસનો ખેસ ધારણ કર્યો હતો. કોંગ્રેસ માંથી ખાતુભાઈ ચૂંટણી લડી શકે તેવી શક્યતા વધુ જોવાઈ રહી છે.

શહેરા વિધાનસભા બેઠક પર આ વખતની ચૂંટણી લડવા માટે ભાજપ અગ્રણી કહેવાતા ખાતુભાઈ પગીએ ટીકીટની માંગણી કરી હતી. જોકે, ભાજપ દ્વારા ફરી એક વખત ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડને રીપીટ કરવામાં આવતા ખાતુભાઈ પગી અને તેમના સમર્થકો ભારે નારાજ થયા હતા. ખાતુભાઈ પગી એ વર્ષ ૨૦૧૭ અને ૨૦૨૨ની વિધાનસભાની ચૂંટણી લડવા માટે ભાજપ માંથી ટિકિટ માંગવા છતાં ભાજપ પક્ષ દ્વારા આ વખતે પણ જેઠાભાઈ ભરવાડને રીપીટ કરતા ખાતુભાઈ પગીએ તેમના સમર્થકો ચર્ચા કરીને ભાજપ છોડીને કોંગ્રેસમાં જોડાવાનું નક્કી કર્યું હતું. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ ખાતે ખાતુભાઈ પગી અને તેમના નિકટના ગણાતા સમર્થકોએ કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ જગદીશ ઠાકોરના હસ્તે કોંગ્રેસનો ખેસ પહેરીને ભાજપને રામ...રામ કર્યા હતા. ખાતુભાઈ પગી કોંગ્રેસ પક્ષમાં જોડાતા હવે આ વખતની વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસ શહેરા બેઠક પર સક્ષમ ઉમેદવાર તરીકે ખાતુભાઈ પગીને ચૂંટણી મેદાનમાં ઉતારી શકે તેવી પૂરેપૂરી શક્યતાઓ જોવાઈ રહી છે. આ વખતની વિધાનસભાની ચૂંટણી ભારે રસાકસી ભરી બની રહેવા સાથે મતદારો પણ કયા પસંદગીના ઉમેદવારને જીતાડશે તેતો મત ગણતરીના દિવસે ખબર પડી જશે તેમ છે. હાલ તો ભાજપ કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી દ્વારા ઉમેદવારોના નામો આ બેઠક પર જાહેર કરી દેવામાં આવ્યા હોય ત્યારે આવનાર દિવસમાં ઉમેદવારો પોતાના મોટી સંખ્યામાં સમર્થકો સાથે વિજય મુહૂર્તમાં પોતાની ઉમેદવારી નોંધાવશે.

## Gujarat Policeની ભરતીમાં NCC ગુણ માટે નવા માપદંડો તૈયાર કરવા ગૃહ રાજ્યમંત્રી ને રજૂઆત




ગોધરા,

Gujarat Policeની ભરતીમાં ગઈઈ ગુણ માટે નવા માપદંડો તૈયાર કરવા સાયબર ક્રાઈમ નિષ્ણાંત સત્યમ કુમાર (દેલવાડા)ની ગૃહ રાજ્યમંત્રી ને રજૂઆત કરી છે.

ગુજરાત સરકાર ગૃહ વિભાગની LRD ASI PSI જેવી સરકારી ભરતીઓમાં NCC નું A સર્ટિફિકેટ ધરાવનાર વિદ્યાર્થી ને ૨ ગુણ, તેજ પ્રમાણે NCCનું B સર્ટિફિકેટ ધરાવનાર વિદ્યાર્થીને ૩ ગુણ અને NCCનું C સર્ટિફિકેટ ધરાવનાર વિદ્યાર્થીને ૫ ગુણ મળે તેના માટે ગુજરાત સરકાર ગૃહ વિભાગના મંત્રી હર્ષભાઈ સંઘવીને હું ગુજરાતના લાખો યુવાનો વતી હું રજૂઆત કરૂં છું. સર્ટિફિકેટના આધારે માપદંડો તૈયાર કરી આવનારી ગુજરાત પોલીસની ભરતીમાં ઉપરોક્ત રજૂઆત મુજબનું ગુણ ફાળવણીનું માળખું તૈયાર કરી સરકાર જો લાખો યુવાનોના હિતમાં નિર્ણય કરશે તો વધુ યુવાનોને ગુજરાતની સેવા કરવાની તક મળશે. માટે સરકાર સત્તાવાર જાહેરાત કરી લાખો યુવાનોના હિતમાં નિર્ણય કરે તેવી અમારી માંગણી છે.

# 'ધરતીપુત્ર ધારાસભ્ય' તરીકે ઓળખાતા ફતેસિંહની રણક ફરી ગુંજશે, વિકાસના હોસિયામાં ધકેલાઈ ગયેલા ઘોઘંબા તાલુકામાં ફરી વિકાસની રણક વિસ્તરશે



તસ્વીર : નુર બાલા, વેજલપુર

કાલોલ,

કાલોલ ૧૨૭ વિધાનસભા બેઠક પર કાગડોળે રાહ જોવાઈ રહેલી ભાજપની ટિકિટ છેવટે ઘોઘંબા (રાજગઢ) મતવિસ્તારના પૂર્વ ધારાસભ્ય ફતેસિંહ ચૌહાણનું નામ જાહેર થતાં ટિકિટ મેળવવા ઈચ્છુક કાલોલ ભાજપના નેતાઓને ઠીંગો બતાવી દેતા કાલોલ ભાજપના સંગઠનમાં સન્નાટો છવાઈ ગયો છે. કાલોલ વિધાનસભા બેઠક માટે એક સમયે ૫૪ દાવેદારોએ પોતાના સેન્સ આપીને દાવેદારી નોંધાવતા ભાજપની ટિકિટ માટે ભારે રસાકસીભરી સ્થિતિ સર્જાઈ હતી પરંતુ ગુરૂવારે સવારે ભાજપે જાહેર કરેલી યાદી અનુસાર કાલોલ ભાજપના ઉમેદવાર તરીકે ફતેસિંહ ચૌહાણની પસંદગી જાહેર થઈ હતી. ખાસ કરીને કાલોલ વિધાનસભાની બેઠક પર પ્રભુત્વ ધરાવતા પૂર્વ ધારાસભ્ય પરિવાર ગણાતા મહેલોલની મુવાડીના પ્રભાતસિંહ ચૌહાણના પુત્રવધૂ સુમનબેન ચૌહાણની રિપિટ દાવેદારીની ટિકિટ કપાઈ જતાં સુમનબેન ચૌહાણના સમર્થકોમાં પણ સન્નાટો છવાઈ ગયો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ભાજપની ટિકિટ મેળવનાર ફતેસિંહ ચૌહાણ ૨૦૦૨ અને ૨૦૦૭માં રાજગઢ (ઘોઘંબા) મતવિસ્તારના ભાજપના ધારાસભ્ય તરીકે ચૂંટાયા હતા પરંતુ ૨૦૧૨ વિધાનસભાની ચૂંટણીમાં મતવિસ્તારના પરિવર્તન સાથે રાજગઢ (ઘોઘંબા) મતવિસ્તારનો કાલોલ બેઠકમાં સમાવિષ્ટ થતાં એ સમયે પરિવર્તન થયેલા સંજોગોમાં ફતેસિંહ ચૌહાણે પણ તત્કાલીન સમયે ભાજપ છોડીને પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલની ગુજરાત પરિવર્તન પાર્ટી સાથે જોડાઈને કાલોલ બેઠક પર ભાજપના ઉમેદવાર સામે ચૂંટણી લડી હતી. એ સમયે કાલોલ બેઠક પર ભાજપના ઉમેદવાર અરવિંદભાઈ રાઠોડ સામે ભારે પછડાટ ખાધી હતી. જોકે ૨૦૧૨ વિધાનસભાની ચૂંટણી પછી ગુજરાત પરિવર્તન પાર્ટી છેવટે ભાજપમાં મર્જ થઈ જતાં તત્કાલીન સમયે ફતેસિંહ ચૌહાણે પણ ભાજપમાં પૂનઃવાપસી કરી હતી અને સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓમાં પંચમહાલ જિલ્લા પંચાયતની ચૂંટણીઓમાં ઘોઘંબા તાલુકાની વાવ કુણ્ડી બેઠક પરથી ભાજપના જિલ્લા પંચાયત સદસ્ય તરીકે ચૂંટાયા હતા. જોકે, ફતેસિંહ ચૌહાણે ૨૦૧૭ વિધાનસભાની ચૂંટણીમાં પાર્ટીની ટિકિટ માંગી હતી પરંતુ એ સમયે પક્ષપલટાની છબી નડતા ભાજપની ટિકિટ મળી ન હતી. છેવટે પક્ષ પરિવર્તન પછી પાછલા નવ વર્ષ સુધી ઘોઘંબા મતવિસ્તારમાં પાર્ટી માટે મહેનત અને ધીરજ ધરતા અંતે તાજેતરમાં ફરી એકવાર ભાજપની ટિકિટ મેળવતા ઘોઘંબા તાલુકા વિસ્તારના ફતેસિંહ ચૌહાણના સમર્થકોમાં ભગવો ઉત્સાહ છવાયો હતો.

ફતેસિંહ ચૌહાણને ભાજપની ટિકિટ મળતા ગુરૂવારે સાંજે પાર્ટી પ્લોટ ખાતે કાલોલ તાલુકાના ભાજપ સંગઠન સાથે જોડાયેલા નેતાઓ અને કાર્યકરોએ ભારે ઉત્સાહપૂર્વક પક્ષની પસંદગીને સમર્થન આપીને આવકાર આપ્યો હતો અને ફતેસિંહ 'તુમ આગે બઢો હમ તુમ્હારે સાથ હૈ' ના જ્વલંત વિજયના વિશ્વાસ સાથે ડબલ લીડથી જીતવાનું સમર્થન આપ્યું હતું.

ઘોઘંબા (રાજગઢ) મતવિસ્તારના પૂર્વ ધારાસભ્ય અને કાલોલ વિધાનસભાની ભાજપની ટિકિટ મેળવનાર ફતેસિંહ ચૌહાણનું મૂળ ઘોઘંબા તાલુકાના ગુંદી ગામના વતની છે. વ્યવસાયે રાજકારણ અગાઉ ગુંદી હાઈસ્કૂલમાં ક્લાર્ક તરીકે નોકરી કરતા હતા. ઘોઘંબા (રાજગઢ) મતવિસ્તારના પૂર્વ ધારાસભ્ય દરમ્યાન હિન્દુત્વના ફાયર બ્રાન્ડ નેતા અને મોદી ભગત તરીકે પણ ઓળખાય છે. તદ્ઉપરાંત ધારાસભ્ય હોવાં છતાં તેઓ ઘરની ખેતી જાતે કરતા હોવાથી ધરતીપુત્ર ધારાસભ્ય તરીકે પણ ઓળખાયા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, ગુરૂવારે સવારે ભાજપના ઉમેદવાર તરીકે તેમના નામની ઘોષણા થઈ હતી. એ સમયે પણ ફતેસિંહ ચૌહાણ પોતાના ખેતરમાં કપાસ વિણતા હોવાનું તેમના પરિવારજનોએ જણાવ્યું હતું.

રાજગઢ ઘોઘંબા તાલુકાના પૂર્વ ધારાસભ્ય ફતેસિંહ ચૌહાણને દશ વર્ષ પછી ફરી એકવાર ધારાસભ્યની ટિકિટ મળતાં રાજગઢ ઘોઘંબાના પ્રજાજનોને પોતાનો સિંહ મેદાનમાં પરત ફર્યો હોય એવો ભગવો આનંદ અને ઉલ્લાસ વર્તાઈ રહ્યો છે. પાછલા દશ વર્ષથી રાજગઢ ઘોઘંબા તાલુકો હાંસિયામાં ધકેલાઈ ગયો હતો. ઘોઘંબા તાલુકાનો અવાજ અને વિકાસ રૂંધાય ગયો હોય એવો કડવો અનુભવ ઘોઘંબા તાલુકાના પ્રજાજનોને થયો છે. ત્યારે ઘોઘંબા તાલુકાના પ્રજાજનોએ બમણી લીડથી પોતાના સિંહને જીતાડવાનો નિર્ધાર સર્વત્ર વર્તાઈ રહ્યો છે.

## પંચમહાલ-મહિસાગર જીલ્લા આર એન્ડ બી પંચાયત વિભાગના

# ચાર કામદારોને નિવૃતિ બાદ પેન્શન, ફેમેલી પેન્શન સહિતના લાભો ચુકવવા હાઈકોર્ટના આદેશ

ગોધરા,

પંચમહાલ અને મહિસાગર જિલ્લાના માર્ગ અને મકાન પંચાયત વિભાગના ચાર કામદારોને સરકારના પરિપત્ર આધારિત નિવૃત્તિ બાદ ચુકવવા પાત્ર પેન્શન ફેમિલી પેન્શન રજાઓ ગ્રેજ્યુટી અને અન્ય લાભો ચૂકવવા નો નામદાર ગુજરાત હાઈકોર્ટ નો આખરી આદેશ.

પંચમહાલ જિલ્લાના શહેરા ખાતે આવેલ નાયબ કાર્યપાલક ઈજનેર મકાન અને માર્ગ પંચાયત વિભાગના તાંબા હેઠળ તા. ૨૧/૧૧/૭૨ થી રોજમદાર તરીકે ફરજ બજાવતા ધીરાભાઈ ભુરાભાઈ પગી નાકાઈ ઈજનેર મકાન અને માર્ગ પંચાયત સંતરામપુર કચેરીમાં તારીખ ૨૧/૭/૭૬ થી થી રોજમદાર તરીકે ફરજ બજાવતા અમરાભાઈ વેચાત ખાટ તારીખ ૨૧/૭/૭૬ ફરજ બજાવતા મેઘાભાઈ લાલાભાઈ માલ તેમજ નાકાઈ માર્ગ અને મકાન પંચાયતની કચેરી લુણાવાડામાં તારીખ ૨૧/૩/૭૩ થી રોજમદાર તરીકે ફરજ બજાવતા લક્ષ્મણભાઈ સરદારભાઈ ડામોર વિગેરેને તેમની નોકરીના અરસા દરમિયાન સરકારના નિયત કરેલ ૧૭/૧૦/૮૮ પરિપત્ર લાભો આપવામાં આવતા હતા આ તમામ અરજદારોને તેમની નોકરી દરમિયાન ૬૦ વર્ષની ઉંમર પૂર્ણ થતા મુજબ વય મર્યાદા પૂર્ણ થતા તેઓને નોકરીમાંથી નિવૃત કરેલ નિવૃત્તિ સમય અરજદારોને કોઈપણ પ્રકારના હક્કો જેવા કે ગ્રેજ્યુટી પેન્શન રજાઓ તેમજ મળવા પાત્ર અન્ય ભથ્થાઓ ચૂકવેલ ન હતા. આ અરસા દરમિયાન ધીરાભાઈ પગી અમરાભાઈ ખાટ મેઘાભાઈ માલ વિગેરેના અવસાન થયેલ જેને લઈ ગુજરનારના વારસ પતની શાંતાબેન પગી સવિતાબેન ખાટ તથા કનકીબેન માલ સહિતના તમામ કામદારોએ ગુજરાત સ્ટેટ લેબર ફેડરેશનના પ્રમુખ એ.એસ ભોઈ નો સંપર્કસાધી એમને થયેલા અન્યાય બાબતે રજૂઆત કરતા ફેડરેશનને આ વિભાગના લાગતા વળતા સરકારી અધિકારીઓ ને હયાત કામદાર તથા ગુજરનાર કામદારોના વારસોને સરકારના નિયત કરેલ નિયમ મુજબ રોજમદાર તરીકેની સળંગ નોકરી ગણી પૂરેપૂરી ગ્રેજ્યુટી રજાઓ અન્ય લાભો ભથ્થાઓ તેમજ પેન્શનના લાભો આપવા બાબતે સરકાર ને નોટિસ પાઠવે પરંતુ લાંબા સમય સુધી આવા કોઈ લાભો આપવા બાબતે સરકાર તરફથી કોઈ નિર્ણય લેવામાં ન આવતા નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ એસ સી એ દાખલ કરી તેમાં જરૂરી દસ્તાવેજો રજૂ કર્યો આ તમામ દસ્તાવેજો ધ્યાને લઈ નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા તારીખ ૨૮/૯/૨૨ ના રોજ ન્યાયમૂર્તિ બિરેન વૈષ્ણવે કામદાર લક્ષ્મણ ડામોર ને નિવૃત્તિ ની તારીખથી રોજમદાર તરીકેની સળંગ નોકરી ગણી પેન્શન પેન્શન તફાવત તેમજ ગુજરનારના વારસ પત્નીઓને રોજમદારોના અવસાન ની તારીખ સુધી સળંગ પેન્શન ગણી તેનો તફાવત ત્યારબાદ ફેમિલી પેન્શન સહિતના તમામ લાભો આપવા નો આખરી આદેશ ફરમાવેલ છે. જે આદેશ થકી ગુજરનારના પરિવારમાં આ લાભો મળવાથી આનંદ અને ઉલ્લાસ છવાયો છે.

# પંચમહાલ જિલ્લામાં આદર્શ આચારસંહિતાના પાલન માટે વિવિધ ટીમો કરાઈ કાર્યરત

## ફરિયાદ માટે કંટ્રોલ રૂમ, SST, FST અને DEMIC કમિટી કરાઈ કાર્યરત

ગોધરા,

ભારતના ચૂંટણી પંચ નવી દિલ્હી દ્વારા વિધાનસભા મત વિભાગની સામાન્ય ચૂંટણી-૨૦૨૨ તા.૦૩/૧૧/૨૨ નાં રોજ જાહેરાત કરવામાં આવેલ છે. જે તારીખથી આદર્શ આચારસંહિતા અમલમાં આવેલ છે. જે અંતર્ગત પંચમહાલ જિલ્લામાં સમાવિષ્ટ ૧૨૪-શહેરા, ૧૨૫-મોરવા હડફ (અ.જ.જા), ૧૨૬-ગોધરા, ૧૨૭- કાલોલ તથા ૧૨૮-હાલોલમાં તા.૦૫/૧૨/૨૦૨૨નાં રોજ બીજા તબક્કાનું મતદાન યોજાનાર છે.

ચૂંટણીલક્ષી કોઈપણ માહિતી કે કોઈપણ ફરિયાદ બાબતે ૨૪૬૭ કાર્યરત કન્ટ્રોલ રૂમ અત્રેની ગોધરા સ્થિત ચૂંટણી શાખા ખાતે કાર્યરત કરવામાં આવ્યો છે. જેનો હેલ્પલાઈન નંબર ૧૯૫૦ છે તથા જિલ્લામાં ફરિયાદ નિવારણ કક્ષ પણ કાર્યરત કરવામા આવેલ છે.

ભારતના ચૂંટણી પંચ દ્વારા આચાર સંહિતાના અમલ માટે નાગરિકો દ્વારા મોબાઈલ એપ્લીકેશન મારફત પણ ફરિયાદ કરી શકે તે માટે c-Vigil મોબાઈલ એપ્લીકેશનનો ઉપયોગ કરવામાં આવશે. પંચમહાલ જિલ્લામાં સમાવિષ્ટ તમામ વિધાનસભા મતવિભાગના ઉમેદવારો દ્વારા કરવામાં આવતા ચૂંટણી ખર્ચ પર દેખરેખ હેતુ જિલ્લામાં Static Surveillance Team(SST ) તથા Flying Squad (FST) ટીમોની રચના કરવામાં આવેલ છે.

જિલ્લામાં Static Surveillance Team(SST ) તથા Flying Squad (FST) ટીમોની દ્વારા કરવામાં આવતી જપ્તીના દરેક કેસની તપાસ માટે Seizure Committee ની મેં, જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર પંચમહાલના અદયક્ષ હેઠળ કમીટીની રચના કરવામાં આવેલ છે. જેમાં Seizure Committee દ્વારા લોકો અને સાચી વ્યકિતાઓને અગવડ ન પડે તે હેતુ તેની કોઈ ફરિયાદો હોય તો તેનું નિવારણ કરવામાં આવશે. ચૂંટણી લડતા ઉમેદવારોના ખર્ચ બાબતે હિસાબોમાં ઓછી આકારણી કરવાના કિસ્સામાં હિસાબમેળ અંગેની અનુસરવાની કાર્યપધ્ધિત અનુસરવા તથા ભારતના ચૂંટણી પંચ દ્વારા નક્કી કરવામાં આવેલ ઉમેદવારોના ખર્ચની મર્યાદા માટે જિલ્લામાં District Expenditure Monitoring Committee (DEMIC) ની પણ રચના કરવા આવેલ છે. તેમ નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી પંચમહાલ ગોધરા એક અખબારી યાદીમાં જણાવેલ છે.

# દાહોદના ભાઠીવાડા ગામે શાળામાંથી સબમર્શીબલ મોટરની ચોરી

દાહોદ,

દાહોદ તાલુકાના ભાઠીવાડા ગામેથી એક શાળા મુકી રાખેલ સબ મર્શિબલ મોટર કિંમત રૂા. ૧૨,૦૦૦ની કોઈ અજાણ્યા ચોર ઈસમોએ ચોરી કરી લઈ નાસી જતાં પોલીસમાં ફરિયાદ નોંધાવવા પામી છે.

ગત તા.૨૦મી ઓક્ટોમ્બરના રોજ ભાઠીવાડા ગામે માળી ફળિયામાં આવેલ જવસીંગભાઈ વરસીંગભાઈ ભુરીયા (રહે. દેલસર, પણદા ફળિયું, તા.જિ.દાહોદ)ની શાળામાંથી કોઈ અજાણ્યા ચોર ઈસમોએ પોતાનો કસબ અજમાવી શાળામાં મુકી રાખેલ સબ મર્શિબલ મોટર કિંમત રૂા.૧૨,૦૦૦ની ચોરી કરી લઈ નાસી જતાં આ સંબંધે જવસીંગભાઈ વરસીંગભાઈ ભુરીયાએ દાહોદ તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.